Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेन्द्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द प्रकाश' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ पोष आत्म सं. २६ | अंक ६ ठो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ પ્રભુ સ્તુતિ... ... ... ... | ૧૩૯ | ૫ સાદાઇ અને સ્વતંત્રતા ... | ૧૫૯ |
| ૨ જૈન ઐતિહાસિક અવલોકન ... | ૧૪૦ | ૬ વ્હાલાઓને ઉપદેશ ... | ૧૬૧ |
| ૩ સાચી અને જુઠી સફળતા ... | ૧૫૧ | ૭ વર્તમાન સમાચાર ... ... | ૧૬૨ |
| ૪ યોગદર્શન ... ... ... | ૧૫૬ | ૮ ગ્રંથાવલોકન ... ... ... | ૧૬૨ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા સુજ્ઞ ગ્રાહકોને નમ્ર સુચના.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિક અમારા કદરદાન ગ્રાહકોને નિયમિત મળે અને મોકલવાની વ્યવસ્થા સરલ થાય, તે માટે દરેક ગ્રાહકોનો નંબર રજીષ્ટર (ચોકસ) કરવાનો છે, જેથી વિનંતિ કે કોઇપણ બંધુને ગ્રાહક તરીકે ન રહેવું હોય તો તેમણે પંદર દિવસની અંદર અમોને તે પ્રમાણે પત્રદ્વારા જણાવવું, જેથી તેમનું નામ કમી કરવામાં આવશે. બાર માસ સુધી માસિક સ્વિકારી અને ભેટની બુક લવાજમ માટે વી૦પી૦થી મોકલવામાં આવે ત્યારે તે પાછી વાળી જ્ઞાનખાતાને નુકશાન થવા દેવું તે યોગ્ય નથ; જેથી ગ્રાહક ન રહેવું હોય તો તુરત અમોને લખી જણાવવું.

કાગળ તથા છપાઇની સખ્ત મોંઘવારી છતાં લવાજમ ન વધારતાં, વીશ ફારમ જેટલો મોટો ગ્રંથ ભેટ આપવામાં જે આવે છે, તે માત્ર નામના લવાજમના હિસાબમાં કંઇ નથી અને લાભ વધારે છે, જેથી વિશાળ વાંચન સાથે બાર માસના બાર અંકો અને ભેટનો આટલો મોટો ગ્રંથ તે આર્થિક દષ્ટિએ પણ લાભ લેવા જેવું અને વધારામાં જ્ઞાનખાતાને ઉત્તેજન આપવા જેવું છે.

---

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

આ સભાના લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો વી૦ પી૦ થી રવાના કરવામાં આવે છે. જેમણે પોસ્ટની ટીકીટો ગયા માસના અંકમાં જણાવ્યા પ્રમાણે મોકલી છે, તેને બુકપોસ્ટથી અને બીજા બંધુઓને વી૦ પી૦ થી રવાના કરવામાં આવેલ છે જેથી તે સ્વીકારી લેવા નમ્ર સુચના છે.

| ગયા વર્ષના. | આ વર્ષના. |
|---|---|
| ૧ દેવભક્તિમાળા પ્રકરણ. | ૧ ઉપદેશ સિત્તરી ગ્રંથ. |
| ૨ કામઘટકળા પ્રબંધ કથા. | ૨ ચૌદ રાજલોકની પૂજા. |

---

## શ્રી ઉપદેશ સપ્તતિકા ભાષાંતર.

જેમાં દેવ, ગુરૂ અને ધર્મતત્વનું સ્વરૂપ અનેક ઉપદેશક કથાઓ સાથે આપવામાં આવેલ છે તેટલુંજ નહીં પરંતુ કેટલાક જૈન તિર્થો જેવા કે ગિરનારજી, આબુજી, શ્રી જીરાપલ્લી, ફલોધી, કલીકુંડ, અંતરીક્ષજી, સ્તંભન અને શત્રુંજ્ય વગેરે તિર્થો ઉપર કયા કયા મહાન પુરૂષોએ મંદિર, પ્રતિષ્ઠા વગેરે જે જે વર્ષમાં કરી તેનું વિવેચનઅને તે તે તીર્થ સ્થાપન કયા સંયોગમાં થયું તેનું ઐતિહાસિક દષ્ટિએ ઘણું સુંદર વર્ણન કરેલું છે. તે ખાસ વાંચવા, અને જાણવા જેવું છે. દેવ, ગુરૂ, ધર્મ તેમજ સમ્યકત્વ તે સંબંધી સ્ફૂટ સ્વરૂપ તેની ભક્તિથી તથા આરાધનથી કયા મનુષ્યો સુખી થયા, તેની વિરૂદ્ધ વર્તન કરવાવાળા કોણ કોણ દુ:ખી થયા તેની અનેક કથાઓ આપવામાં આવેલી છે; તમજ જિનેશ્વરના ગુણોનું સ્મરણ, ધ્યાન, યાત્રા, ચૈત્ય, સ્તવન, અર્ચન, સદ્ધર્મસાધના અને ગુરૂ સેવા વગેરેથી કેવી સમ્યકત્વની સ્થિરતા થાય છે તેનું ઘણું અસરકારક સ્વરૂપ આપવામાં આવેલું છે. એકંદર રીતે ઉપદેશક હોવાથી આખો ગ્રંથ મનન પૂર્વક વાંચવાથી આત્મામાં શાંતતા, સમકિતની સ્થિરતા અને નિર્મળતા ધર્મ ઉપર શ્રદ્ધા અને તીર્થોપર ઉપર ભક્તિ ઉત્પન્ન કરવામાં એક અપૂર્વ સાધન રૂપ ગ્રંથ છે. ભાષા ઘણી સરલ છે. માત્ર થોડી નકલો સીલીકે છે, ઘણી કોપી તો આ માસિકના ગ્રાહકોને ભેટમાં અપાઇ ગયેલ છે. કિંમત એક રૂપિયો પોસ્ટેજ જુદું અમારે ત્યાંથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्वविकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्, तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थकेष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वाणमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ पोष. आत्म संवत् २६. [ अंक ६ ठो.

## ॥ प्रभु स्तुति ॥

( २ )

પાર્શ્વજીન અદ્દભુત પ્રતિમા ત્હારી—
કમઠ ઉદ્ધારક, ભવીજન તારક, શાંત મુદ્રા ધારી;
મંગળમય ભાવ, વધે પુજનથી, દ્રવ્યપુજા સુખકારી.
— પાર્શ્વજીન અદ્દભુત પ્રતિમા ત્હારી —
પ્રભુ ગુણ સ્તવના, નીજ ગુણ પ્રકાશે, ભવભય હરનારી;
શુકલધ્યાનથી અક્ષયપદ લીધું, કર્મ આઠ નીવારી.
— પાર્શ્વજીન અદ્દભુત પ્રતિમા ત્હારી —
પ્રભુ ધ્યાનથી પ્રભુપદને પામ્યા, ધન્ય સફળ અવતારી;
જગ ઉદ્ધારક બીરૂદ સફળ કરો, "કલ્યાણ" ઉદ્ધારી.
— પાર્શ્વજીન અદ્દભુત પ્રતિમા ત્હારી —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક અવલોકન.

## " વસંત વિલાસ " મહાકાવ્ય.

( લેખક—છોટાલાલ મગનલાલ શાહ.—ઝુલાસણ. )

કોઈ પણ ભાષાનો ઉત્કર્ષ થવો, અનુપમ સાહિત્યનો જન્મ આપવો, અને અનેક ' રસ ' સિંચી વિકસાવવું, અનેકશઃ અલંકારો અર્પી દેદીપ્યમાન બનાવવું અર્થાત્ રસામૃત સીંચી નવપલ્લવિત કરવું એ સર્વેની જવાબદારી સુશિક્ષીત વિદ્વાનો ઉપર છે. કોઇ પણ દેશની, કોઇ પણ ધર્મની જાહોજલાલી જાણવાનું સાધન મુખ્યત્વે કરી તે દેશના કે તે ધર્મના સાહિત્યને અવલંબી રહેલું છે. અને એવું અત્યુત્તમ સાહિત્ય પ્રકટાવવાને પ્રખર વિદ્વાનોની ખાસ જરૂરીઆત હોય છે, પ્રખર વિદ્વાનોનો ઉદ્ભવ થવો તે તે દેશના નરેન્દ્રો અને ધનાઢયો ઉપર અવલંબેલું હોય છે. પૂર્વકાળે જે જે વિદ્વાનો, કવિઓ લેખકો અને તત્વજ્ઞો જન્મ પામ્યા છે. તે પૂર્વે તે તે સમયના રાજાઓ, ધનાઢયોના આશ્રયે રહીનેજ પામ્યા છે. પૂર્વે થઇ ગયેલા, કાલિદાસ, મેંઠ,અમર, રૂપ, સૂર, ભારવિ, હરિશ્ચંદ્ર વિગેરે મહાન કવિઓની ' ઉજ્જયની ' માં કાવ્ય–પરીક્ષા લેવામાં આવી હતી. અને તે સર્વેને રાજાઓ તરફથી અત્યુત્તમ માન આપવામાં આવતું. પાટલિપુત્ર, ઉજ્જયની, કાશ્મીર વિગેરે સ્થાનોમાં જે જે વિદ્વાનો ઉદ્ભવ પામ્યા છે, તે બાબતનો પૂર્ણાંશે ધન્યવાદ ત્યાંના રાજાઓને છે. સંસ્કૃત સાહિત્યનું અવલોકન કરતાં ગુજરાતમાં કોઇપણ ધુરંધર સંસ્કૃત કવિના દર્શન ન થયા ત્હેનું મુખ્ય કારણ અત્રેના રાજાઓની કૃપણતા, અરસીકતા કે કાવ્ય વિમુખતા વિના અન્ય શું દેખાય ? આ પ્રમાણે આર્યાવર્તના સર્વે પ્રાંતોના સાહિત્યનું અવલોકન કરતાં ગુજરાતને કંઇ નીચું જોવા વખત આવે છે.

ગુજરાતના સર્વે વિદ્વાનો નિષ્પક્ષપાતે નિરીક્ષણ કરશે તો જણાશે કે **ગુજરાતને અભિમાન રાખવા લાયક જૈનધર્મે અનેક કવિ–વિદ્વાનોને જન્મ આપ્યો છે.**

દશમી અને અગીયારમી સદીમાં મુંજ અને ભોજ દ્વારા ધારા નગરી જે અનેક વિદ્વાનોની પ્રસુતા ગણાતી હતી. તદનુસાર ગુજરાતમાં મહાન જૈન ધર્મ પ્રભાવિક નરેશ કુમારપાળના સમયથી સંસ્કૃત સાહિત્યમાં કંઇ ઓર તેજસ્વીતા ઝળહળી રહી હતી, તે સમયે શ્રીમાન્ મલ્લધારી હેમચંદ્રસૂરિ, તેમનો વિદ્વાન શિષ્ય શત પ્રબંધ કર્ત્તા રામચંદ્ર આદિ અનેક વિદ્વાન હીરાઓ પ્રકાશ પામ્યા હતા; પરંતુ ત્હેનું વાસ્તવિક પરિણામ તો તેરમી શતાબ્દિના અંતિમમાં દ્રશ્યમાન થયું હતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેથીજ ગુજરાતને અભિમાનથી ઉચ્ચ મુખારવિંદ રાખી બોલવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

તેરમી શતાબ્દિમાં ધોળકામાં ગુર્જરેશ્વર રાણા વીરધવળની રાજ્ય-સભામાં સેંકડો કવિઓ વિરાજતા હતા. આ સમયે ગુજરાતમાં અનેક કવિઓનું ઉત્પન્ન થવું, પ્રકાશમાં આવવું અને અનેક મહાન્ ગ્રંથો રચી ગુજરાતની કીર્તિને અમર કરવી એ સર્વેનો આધાર તે રાણાના મહાન્ ચાણાકય મંત્રી વસ્તુપાળ અને તેજપાળને લીધેજ છે. પ્રસ્તુત કાવ્યકર્તા પણ આજ સમયે ઉદ્ભવ પામેલ છે. આપણા ચરિત્ર નાયકે આ સિવાય પણ કરૂણા " વજ્રાયુધ " નામનું ન્હાનું નાટક અને આસડ કવિ રચિત ઉપદેશકન્દલિ અને વિવેકમંજરી ઉપર વિદ્વતાભરી વૃત્તિઓ રચી છે, કવિ સબંધી ઐતિહાસિક કેટલીક બાબત પ્રકાશમાં આવેલ છે, પરંતુ મ્હને તેથી વિશેષ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોવાથી અત્રે તેમની સંબંધી કંઇપણ લખીશ નહિ.

આ વસંત વિલાસ ચૌદ સર્ગનું એક ઐતિહાસિક કાવ્ય છે.

ગયા માસના આ. પ્ર. ના અંકમાં ' નર નારાયણાનંદ ' નામના મ્હારો લેખ વાંચતાં જણાશે કે, મંત્રી વસ્તુપાળનું અન્ય ' વસંતપાળ ' તરીકેનું નામ ત્હેના સુહૃદોમાં પ્રખ્યાત હતું. અર્થાત્ મંત્રી વસ્તુપાળે પોતાના રચેલ કાવ્યના ૧૬ સર્ગના ૩૮ શ્લોકમાં દર્શાવ્યું છે કે—

ख्यातिं प्राप वसन्तपाल इति यो नामाद्वितीयं मुदा
विद्वाद्भिः परिकल्पितं हरिहर श्री सोमशर्मादिभिः ॥

આ ઉપરથી વાંચકને ખાત્રી થશે કે આ કાવ્યની રચના મંત્રી વસ્તુપાળને અવલંબી કરાયેલી છે.

**કાવ્યકર્તા**

ચંદ્રગચ્છના આચાર્ય હરિભદ્રસૂરિના શિષ્ય બાળચંદ્ર આ કાવ્યના પ્રણેતા છે અને ગ્રંથકર્તાએ પોતાનું પૂર્વ જીવન વૃત્તાંત આ કાવ્યના પ્રથમ સર્ગમાં આપેલ છે, તે ઉપરથી જણાય છે કે તેઓ મોઢેરાના મોઢ બ્રાહ્મણ હતા અને ત્હેમનું નામ મુંજાળ હતું, ત્હેમણે જૈન ધર્મમાં દીક્ષા લીધા પછી અનેક સાહિત્યના અધ્યયનથી મહાન્ વિદ્વાન થયા હતા, કે જેના લીધે તેમને ' સિદ્ધસારસ્વત ' નામની પદ્વી એનાયત કરવામાં આવી હતી અને જૈનોની માનનીય આચાર્ય પદ્વી આપવામાં આવી હતી. ત્હેમનું ઐતિહાસિક વૃત્તાંત નહિ આપવા બાબત ઉપર ખુલાસો કરી દીધેલ હોવાથી મૂળ વિષય ઉપરજ આવીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કાવ્ય રચ્યાની તારીખ**

કવિએ આ કાવ્યમાં કોઇપણ સ્થળે રચ્યા સાલ આપી નથી. પરંતુ ગ્રંથમાં વર્ણન કરેલ વસ્તુસંકળના ઉપરથી લેખન સમય શોધી કાઢવો એ કંઇ અશકય નથી. વસ્તુપાળનું સ્વર્ગગમન વિ. સં. ૧૨૯૬ થયું હતું તે ઉપરથી ત્હેના મરણની નિકટજ ત્હેની હદ-સ્થિર કરવામાં આવેલ છે, કારણકે આ મહા કાવ્યની રચના ત્હેના પુત્ર જૈત્રસિંહના વિનોદાર્થે કરવામાં આવેલ છે ૧અને તેથી અનાયાસે તેરમી શતાબ્દિના છેડે અને ચૌદમી શતાબ્દિના પ્રારંભમાં લગભગ રચ્યા સંવત મૂકી શકાય છે.

**કાવ્યની વસ્તુ-સંકલના**

**પ્રથમ સર્ગ** પ્રસ્તાવના રૂપે છે. કવિ પોતાની વિદ્વતા માટે જણાવે છે કે સરસ્વતી દેવી પોતાની ભક્તિથી આકર્ષાઈ, યોગનિદ્રામાં ત્હેને એક સમયે દર્શન આપી કહ્યું કે " તું મારા વંશાનુક્રમે જન્મ પામેલ પુત્ર છે અર્થાત્ તું મ્હારો ઔરસ ( વંશાનુક્રમી ) પુત્ર છે, એટલે એ ઉપરથી સ્હમજાય છે કે કવિ ઉપર સરસ્વતી દેવીની કૃપા સારી હોવી જોઇએ, આ પછી કવિએ પોતાના પૂર્વ ગૃહસ્થાશ્રમ સંબંધી વર્ણન આપેલ છે. આ સિવાય આ સર્ગમાં કવિ, રાજા, અને ધનાઢયોને બોધ લેવા લાયક અર્થાત્ ગ્રહણ કરી વર્તનમાં મુકવા લાયક ઉપદેશ આપેલ છે, અર્થાત્ કવિ કહે છે કે—" આ વિશ્વમાં વિદ્વાનો કરતાં વિશેષ પરોપકાર અન્ય કોઇ પણ કરી શકતું નથી. કારણકે કાવ્ય-અમૃત-રસ સીંચી મરણ પામેલા એવા માનવોને અમર જીવન આપે છે " આવી રીતે કેટલાક ર્શ્લોકોદ્વારા નૃપતિઓને કવિના ઋણી દર્શાવેલ છે અને વળી જણાવે છે કે કવિ આશ્રયીના દાનાદિવડે લોભાઇને કોઇપણ રીતે અયોગ્ય ખોટી પ્રશંસા આશ્રયીની કરતો નથી. આજકાલ ઘણા ઇતિહાસપ્રવીણ વિદ્વાનો એમ માને છે કે-કવિગણ, આશ્રય આપનાર અધિપતિનાં યશોગાન ગાય છે તે પ્રાય: કપોલ કલ્પિત હોય છે, એમ દર્શાવી અનેક શંકાઓ પ્રાદુર્ભૂત કરે છે પણ તેઓને નિરૂત્તર કરતો કવિ જણાવે છે કે—

**शीलेन तुष्यन्ति महीपतीनां, न भूरिदानैः कवयः कदापि ।**
**वाल्मीकि मुख्यैः किमु किञ्चिदात्तमास्ते महन्दिो रघुनन्दनस्य ॥**

આ ઉપરથી સ્હમજાશે કે કવિઓ કેવા સ્વતંત્ર હોય છે. આ વિના અનેક શ્લોકોથી ઉત્તમ, કનીષ્ટ કવિઓના ગુણ દોષનાં સિંહાવલોકન કરેલ છે જે લગભગ

---

૧ श्री वस्तुपालाङ्गभुवो नवोक्ति प्रियस्य विद्वज्जनमज्जनस्य ।
श्री जैत्रसिंहस्य मनोविनोदकृते महाकाव्यमुदीर्यतेऽहो ॥ १-७९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલીસ શ્લોકમાં પૂર્ણાહૂતી કરેલ છે અને તેમાંથી કવિ અને લેખક અને ધનાઢયોને અનેક પ્રકારનાં ઉપદેશરત્નો ગુંથેલ છે કે જેના અંગે લખવા બેસતાં એક અન્ય સ્વતંત્ર નિબંધ રચાય તેમ છે. કવિ, વસન્તપાળ વિષે કાવ્ય રચવાનું કારણ પ્રાન્તે દર્શાવી પ્હેલો સર્ગ પૂર્ણ કરે છે.

**नले च रामे च युधिष्ठिरे च वशीकृताः यैः कवयो गुणास्ते ।**
**श्री वस्तुपाले स्म वसन्ति सम्प्रत्यतस्तदीयं कवयामि किञ्चित् ॥**

આ ઉપરથી જણાશે કે શ્રીમાન્ વસ્તુપાળ કેવો સદ્દગુણાલંકૃત હોવો જોઇએ.

**બીજા સર્ગમાં.** ગુર્જર રાજ્યધાની અણહીલપુર પાટણ સંબંધી આબેહુબ વર્ણન ચિત્રેલ છે, ત્હેના મ્હોટાં સોનેરી ગુંઠાવાળાં દેવાલયો, ત્યાંની રાજમહેલ સમાન હવેલીઓ, ત્યાંના વિશાળ, રમ્ય રાજમાર્ગો, અને ખાઇ, અને દુર્લભરાજના તળાવ સબંધી વર્ણન છે, દરેક સર્ગ માટે વિસ્તારથી લખવું ઉચિત નહિ લાગવાથી ટુંકામાં જણાવું છું કે તે વર્ણન સમયનું પાટણ અને આધુનિક જર્જરિત પાટણ નિહાળતાં નિહાળનાર અશ્રુ ટપકાવ્યા વિના રહેશે નહિ. તેમાંથી કેટલીક ઐતિહાસિક તત્ત્વો હસ્ત લાગે તેમ છે.

**ત્રીજા સર્ગમાં.** ગુજરાતના રાજા મૂળરાજથી માંડીને બીજા ભીમદેવ સુધીનું વર્ણન કરેલ છે, વીરધવળ એ કોણ ? અને ત્હેના બાપદાદા એ ગુર્જર સામ્રાજ્યના પડતા ભાગલાઓ સામે તે સમયના સાથીઓથી, તેમણે બરાબર રીતે વાંધો ઉઠાવ્યો હતો તે સબંધી વર્ણન છે. અને વીરધવળના સ્વપ્નમાં ગૂર્જર રક્ષક દેવીએ દર્શન આપીને કહ્યું કે—વણીકવર્ય વસ્તુપાળ અને તેજપાળ નામના બંને ભાઇઓને ત્હારા રાજ્યમાં પ્રધાન પદ ઉપર નિયત કર તે સંબંધી વર્ણન છે.

**ચોથા સર્ગમાં** વસ્તુપાલ અને તેજપાલના બુદ્ધિ સામર્થ્યની પ્રશંસા કરેલ છે; તદનુસાર પ્રધાન પદ ઉપર નિયુક્ત કર્યા અને વસ્તુપાળને ખંભાતનું અધિપત્ય સુપ્રત કર્યું. આ સર્ગમાં અતિ વિસ્તારથી ગુણ–તુલના કરવામાં આવેલ છે. નરસિંહ, વામન, રામ, વસુદેવ, બળભદ્ર, વીગેરે પ્રખ્યાત પુરૂષોની સમાન ગુણ–તુલના કરવામાં આવેલ છે. ખાસ કરીને કહેવું જોઇએ કે વસ્તુપાળની યોગ્યતા નિહાળવાને માટે આ સર્ગ બહુ વિચારણીય અને મનનીય છે.

**પાંચમા સર્ગમાં.** વસ્તુપાળ અને ભરૂચના શંખ સાથે યુદ્ધ થયાનું વર્ણન છે. અને પરાજિત કર્યાનું અલંકારી ભાષામાં વર્ણન કરેલ છે, આ સર્ગમાં શંખ અને વસ્તુપાળ વચ્ચે સંદેશામાં થયેલ વાગ્ યુદ્ધ બહુ રસિક છે. અને વસ્તુપાળ કેવો નિડર હતો ત્હેની પણ પ્રતીતિ થાય છે. પણ તે પાછળ ઐતિહાસિક સારમાં આપીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**છઠ્ઠો સાતમો અને આઠમો સર્ગ.** મહાકાવ્યના લક્ષણાનુસાર, અનુક્રમે ઋતુવર્ણન, ક્રીડા–આનંદવર્ણન, પુષ્પાવચય, અને ચંદ્રોદયવર્ણન અતિ પ્રશંસનીય, લાલિત્ય અને મધુરી ભાષામાં દર્શન થાય છે, અને તે રસજ્ઞ જાતેજ કાવ્ય વાંચવાની તસ્દી લેવી, એમ ભલામણ કરી વિરમું છું.

**નવમ સર્ગમાં** વસ્તુપાળના સ્વપ્નનું અલંકારી ભાષામાં વિસ્તારથી વર્ણન કરેલ છે, ત્હેને સ્વપ્નમાં એક દેવતા દર્શન આપે છે અને તે દેવતા જણાવે છે કે, 'મ્હને કૃતયુગમાં ચાર પગ હતા, દ્વાપરમાં ત્રણ હતા, ત્રેતાયુગમાં બે હતા અને વર્તમાન કલિકાળમાં એક પગ છે એમ દર્શાવી જણાવે છે કે મૂળરાજ અને સિદ્ધરાજના સમયે સોમેશ્વરની યાત્રાર્થે જતા યાત્રાળુઓ વડે ત્હેની પદ્ધી અતિ વિસ્તાર પામી હતી, અને સતી મયલ્લદેવીના કહેવાથી ત્હેનાપુત્રે, બાહુલોડ (?) માં સોમેશ્વર પ્રતિ યાત્રાર્થે જનાર યાત્રાળુઓનો લેવાતો જજીયા વેરો બંધ કરાવ્યો હતો અને ત્હેના નિભાવાર્થે શત્રુંજય ઉપરના બાર ગામો આપવામાં આવેલ હતાં. કુમારપાલે શત્રુંજય અને ગીરનાર ઉપર યાત્રાઓ કરી હતી અને કેદાર સોમેશ્વરના દેવાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. મંડળી પાટણમાં મૂળરાજે અનેક નવાં દેવાલયો બંધાવ્યાં હતાં. હમણાં એ સર્વે પ્રયત્નો બદલાઇ જવાથી ઇશ્વર અતિ દીલગીર થયા છે, તે પછી તેને ધર્મનો વિસ્તાર કરવાની આજ્ઞા કરી ચિંતા દૂર કરવાનું જણાવ્યું; એટલામાં પ્રાતઃકાળાદર્શિત વાગતાં નોબતોના અવાજોથી અને ચારણોના કિર્તનોથી જાગી ઉઠે છે.'

**દશથી તેર સર્ગ સુધી** શત્રુંજય યાત્રા વર્ણન, પ્રભાસ તીર્થયાત્રા વર્ણન, રૈવત વર્ણન અને રૈવત યાત્રા વર્ણન એમ અનુક્રમે વર્ણન આપવામાં આવેલ છે. તે સર્વે નિકટ સંબંધથી જોડાએલા હોવાથી સાથે વર્ણન આપવામાં આવે છે.

આ યાત્રાઓ કરવાનો ઉપદેશ વસ્તુપાળને ત્હેના ગુરૂ તરફથી કરવામાં આવેલ હતો, ત્હેને અનુસરી શત્રુંજય અને ગીરનારની યાત્રાનો નિશ્ચય કરવામાં આવેલ હતો. આ કાર્યમાં તેના માલેક વીરધવલ તરફથી પણ યોગ્ય અનુમોદન આપવામાં આવેલ હતું, વીરધવળે કહ્યું હતું કે 'પોતાના રાજ્યનો વિસ્તાર જેમ વૃદ્ધિગત થાય તેમ યોગ્ય વિચારાનુસાર વર્તન કરવું અર્થાત્

**येन येन बिधिना विजृम्भते राज्यमेतदधिकाधिकं मम ।**
**तं तमर्जयितुमिच्छया भवान्मामकं प्रतिशरीर मर्हति ॥**

શ્લોક ૧૩–સર્ગ ૧૦

તે પછી વસ્તુપાળે, તેજપાળ ઉપર સર્વે રાજ્ય–ભાર મૂકીને યાત્રા મુસાફરી પ્રારંભ કરી હતી, અને ત્હેની સાથે લાટ, ગૌડ, મારૂ, કચ્છ, ડાહલ, અવંતિ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વંગના સંઘ સમુદાયો, ધીરે ધીરે જોડાયા હતા. અનેક પારિતોષિકો સાથે તેને ' સંઘપતિ ' નિમ્યો હતો. તે દરેક યાત્રાળુઓને યોગ્ય વિશ્રાંતિ આપતો અને સર્વે જરૂરીઆતો પૂરી પાડતો, અને માર્ગમાં આવતાં દરેક દેવાલયો, દેરાસરો, નિહાળતો અને યોગ્ય તજવીજ કરી જીર્ણોદ્ધાર કરવા જેવું જણાતું તો તેમ કરતો. થોડા સમયમાં સકળ સંઘે વલ્લભીપુર ( હાલમાં વળામાં ) માં મુકામ કર્યો. ત્યાં તેણે ધર્મોત્સવ કર્યો, અને સર્વે યાત્રાળુઓને ભોજન આપ્યું હતું; ત્હેની ધર્મ પત્ની લલિતાદેવી પણ યતિ સમુહને અતિશય ભકિત પૂર્વક ભિક્ષા ( ભોજન ) અર્પતી હતી. તે પછી સંઘ પાટલિપુત્રે ( પાલીતાણે ) પ્હોંચ્યો. અહીં વસ્તુપાળે પાર્શ્વનાથની ભકિત પૂર્વક અર્ચની પૂજા કરી તે પછી સકળ સંઘ ટુંક ઉપર ચઢી કપર્દીયક્ષની પૂજા કરતો, આદિશ્વરના દેવાલયમાં પ્રવેશ કરી અને અષ્ટપ્રકારી બહુમાન પુર્વક પૂજા કરે છે. દેવાલયના શિખર ઉપર ચીન વસ્ત્રની મહાન પતાકા ચઢાવે છે. ત્યાં આદિનાથની પ્રતિમા સન્મુખ એક નાટક ભજવી બતાવવામાં આવ્યું હતું ( પ્રાયઃ આ બાલચંદ્ર કવિ કૃત કરૂણા વજ્રાયુધ હશે ? ) " આ પ્રમાણે સમ્યકત્વ વર્ધક નાટય પ્રયોગ કયાંય ભજવાતાં જોયો કે સાભળ્યો છે કે ? " આધુનિક પ્રજાને ધર્મ–શ્રદ્ધા ઉત્પન્ન કરવાને આવાં નાટકો લખાવવાં શું યોગ્ય નથી ? ભલે જૈનેતર સદ્દશ ભજવી બતાવવામાં ન આવે પરંતુ 'શ્રાવ્ય' તરીકે અથવા દેરાસરમાં ભજવી શકાય તેમ શું ન બની શકે કે ?

આ પછી સંઘ પ્રભુ આગળ ગદ્ગદ્ કંઠે સ્તુતિ કરે છે કે ' હે દેવ ! પુનર્દર્શન પ્રાપ્ત થાઓ " એમ વિજ્ઞપ્તિ કરતો પ્રભાસપાટણ પ્રતિ પ્રયાણ કરે છે.

ત્યાં તેણે બ્રાહ્મણોને પોતાના વજન પ્રમાણે સુવર્ણ અને ઝવેરાત આપ્યું હતું ત્યાં ચંદ્રભાગાની ભકિત કરી, અને આઠમા તીર્થંકર ( ચંદ્રપ્રભુ ) ની પૂજા કરી સંઘે ગીરનાર પ્રતિ પ્રયાણ કર્યું.

તેજપાલ પ્રથમ કાઠીયાવાડમાં દિગ્વિજય કરવા આવેલ તે સમયમાં અત્રે વસાવેલ " તેજલપુર " નામનું શહેર અને " કુમાર સરહ " નામનું સરોવર અને મ્હોટી બાઇએ સર્વે કરાવેલ–વસ્તુપાળ અને સકળ સંઘ અતિ આનંદ પામ્યો; અને આદીશ્વરની અર્ચના કરી સંઘ ગીરનાર પહોંચ્યો, ત્યાં શ્રીનેમીનાથ અને અંબીકા માતાની પૂજા કરી આલોકન અને સાંબ નામનાં શિખરો નિહાળ્યાં. ત્યાં આનંદપૂર્વક ભકિત કરી સંઘ પાછો ફરી ધોળકા આવી પહોંચ્યો, સંઘ આવ્યાની રાણા વીરધવળને ખબર પડતાં તુરત હર્ષ પૂર્વક આવીને મંત્રીને ભેટે છે. અને સકલ સંઘને આરોગ્યતાના સમાચાર પૂછી આનંદિત થાય છે નગરમાં અનેક પ્રકારે ઉત્સવ થાય છે. સાર્વજનિક રસ્તાઓ શણગારવામાં આવે છે. અને એક માંગળિક દિવસ તરીકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉજવવામાં આવ્યો હતો. સંઘ હર્ષપુર્વક નગર પ્રવેશ કરે છે. વસ્તુપાળે ઘેર આવ્યા પછી સકલ સંઘને અને અન્ય પ્રતિષ્ટિત માણુસોને ભોજન આપ્યું હતું. ત્યાર પછી ત્હેને જે જે વ્હાલા સુહૃદો હતા, તેમને અને બ્રાહ્મણો, યતિઓ અને ત્હેના ધર્મગુરૂઓને વસ્ત્રો વિગેરે પારિતોષિક આપી આનંદિત કર્યા હતા.

**ચૌદમા સર્ગમા.** વસ્તુપાલે બનાવેલ દેવાલયો વિગેરેનું વર્ણન આપે છે. કરાવેલ દેવસ્થાનનાં દેવાલયો, સાધુઓ માટે ઉપાશ્રયો, બ્રાહ્મણો માટે મઠ ( સત્રાગારો ) કેટલાક સ્થળે નવા કરાવ્યાં અને કેટલાકનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તળાવો કેટલાંક ગામડાંમાં ખોદાવેલ. નવી ખાઇઓ ખોદાવેલ હતી અર્થાત તેણે દરેક શહેર, ગામ, ગામડામાં કંઈપણ સાર્વજનિક કામ નહિ કરાવેલું એમ નહિ હોય ? કવિ કહે છે કે ત્હેની સંખ્યા ગણુવામાં સ્ખલના પામી જવાય તેમ છે.

કવિ તે પછી જણાવે છે છે કે એક સમયે ' જરા ' નામનો કાસદ ત્હેની સન્મુખ આવીને કહ્યું કે, ધર્મતનુજા સદ્ગતિ આપને પરણુવા માટે આતુર છે અને ત્હેના માતા, પિતાનો વિચાર તે પ્રમાણે નક્કી થયો છે. " તે પછી સદ્ગતિને પરણુવાનાં વિચારમાં ને વિચારમાં વસ્તુપાળને જ્વર લાગુ પડયો અને તેણીને પરણુવા માટે શત્રુંજય ગિરિ ઉપર જવાનો વિચાર કર્યો. ધર્મકાસદ ' આયુબંધી 'વસ્તુપાળનો જે નિશ્ચય તે ધર્મને જણાવ્યો. ધર્મ ત્હેનો આવો નિશ્ચય જાણીને ઘણો આનંદ પામ્યો. લગ્નમુહૂર્ત નક્કી કર્યું અને પોતાના સદ્બોધ નામના નોકરને તેડી લાવવા મોકલ્યો. તેણે ત્હેને જઇને કહ્યું કે " ધર્મ આપને લગ્ન માટે વિ. સં. ૧૨૯૬ના માઘ માસની પંચમીને સોમવારના પ્રાત:કાળે નિમંત્રણુ કરેલ છે. વસ્તુપાલે ત્યારપછી પોતાના પુત્ર જૈત્રસિંહ, ધર્મપત્ની લલિતાદેવી અને પ્રિય બંધુ તેજપાલને બોલાવી દરેકને યોગ્યાનુસાર હિત–શિક્ષા આપી. તે પછી રાજાને મલ્યો, અને કેટલાક સુહૃદો અને પ્રતિષ્ઠિત માણુસોને મલી શત્રુંજયગિરિ જવા માટે નીકળી પડયો, ત્યાં પહોંચી શત્રુંજયગિરિ ઉપર ચઢયો. લગ્નને દિવસે શ્રી આદિશ્વર પ્રભુનું દેવાલય સારી રીતે શણુગારવામાં આવ્યું હતું. શ્રીઆદીનાથની સાક્ષીએ ધર્મે પોતાની કન્યા આપી અને ત્યાર પછી તે ત્હેને સ્વર્ગમાં લઇ ગયો, જયાં ઈંદ્રે સાનંદે વસ્તુપાલને વધાવી લીધો.

આ ગ્રંથમાંથી ગુજરાતના ઈતિહાસ બાબતે કેટલાંક તત્ત્વોનું દોહન થાય છે;

**કાવ્યમાં ઐતિહાસિક તત્વો.** " બ્રહ્માથી અર્પણુ કરાયેલ સંધ્યા જલથી નગ્ન તરવાર સાથે એક સુભટ જન્મ પામ્યો, અને તે ચાલુકયના નામથી ઓળખાયો. તે સર્વે અસુરોનો સંહાર કરી સુખે પૃથ્વીનું શાસન કરતો. તેના વંશમાં મુળરાજ નામનો સુભટ ઉત્પન્ન થયો જે પાટણુની ગાદીએ બેસી હર સોમવારે ' સોમેશ્વર 'મહાદેવની યાત્રા કરતો, અને તેથી સોમેશ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્હેના ઉપર પ્રસન્ન હતા અને લડાઇમાં ત્હેને મદદ કરતા. ત્હેને દુશ્મનના મુંડો પોતાની તીક્ષ્ણ અસિધારાથી ઉડાવી દેતો ચામુંડરાજ નામનો પુત્ર હતો. ત્હેને વલ્લભરાજ નામનો પુત્ર હતો જે "જગજેપાણ" નામથી પ્રસિદ્ધ હતો. તે પછી ભીમભોજને પરાસ્ત કર્યો એવું ખાલી સૂચન આપ્યું છે. જયસિંહદેવે ધારાનગરીના રાજાને કાષ્ટપીંજરમાં નાંખી પોતાની રાજ્યધાનીમાંલાવ્યો હતો. તેણે ઉજ્જૈન જીતી ત્યાંથી યોગિનીઓનું આસન લાવ્યો હતો. બર્બર રાક્ષસને પરાસ્ત કરી પોતાનો માંડલિક કર્યો. શત્રુંજયગિરિના નિર્વાહ માટે તેણે બાર ગામ બક્ષીસ કરેલ હતાં વાંચો:,

शत्रुञ्जय महातीर्थे पूजार्थं यो जिनेशितु: ।
देवदाये कृतिश्रेष्ठो ग्रामद्वादशकं ददौ ॥

જયસિંહસૂરિ કૃત વસ્તુપાળ ચરિત્ર સર્ગ ૧–૮૪

કુમારપાળે કેદાર અને સોમેશ્વરના જીર્ણોદ્ધાર કરાવ્યા, તેણે ઘણાં જૈન મંદિરો ઉભાં કર્યાં—બંધાવ્યાં અને તેણે નિર્વંશની દોલત જપ્ત કરવાનો રિવાજ બંધ કર્યો. તેણે બલાળ રાજાને, કોકણ અને જંગળના રાજાઓને જીત્યો હતો. તેની પછી 'અજય' ગાદીએ આવ્યો ત્હેને જંગળના રાજાએ નજરાણું મોકલાવેલ હતું. મૂલરાજ બીજો હજુ તો બાળ મૂલરાજ હતો છતાં મ્લેચ્છ રાજાને હરાવ્યો હતો. ત્યારપછી ભીમદેવ બીજો ગાદી આરૂઢ થયો, પણ તે ઘણોજ ઉદાર, નિર્બળ અને લંપટ હતો. તે નિર્બળ હોવાને લીધે રાજ્યતંત્ર ન ચલાવી શકયો. અને ત્હેના માંડલિકો દેશમાં ભાગ પાડીને રાજ્ય કરવા લાગ્યા. ચાલુકય વંશનો ધવલના પુત્રે અર્ણોરાજે રાજાની પક્ષ લઇને તે સર્વેને પરાસ્ત કર્યાં અને રાજ્યને બચાવ્યું. ૯ ૩નો પુત્ર લાવણ્યપ્રસાદ લડાઇમાં આનંદ માનતો અને ત્હેના આગળ, ઉત્તર, પૂર્વ દક્ષિણના રાજાઓ ભયગ્રસ્ત થતા. ત્હેના પુત્ર વીરધવલે મુખ્ય મુખ્ય આગેવાનોને ઉખેડી નાખી રાજ્યધુરાનું વહન પોતાના પિતા લાવણ્યપ્રસાદ સાથે કર્યું. તે પોતાના રાજ્ય રક્ષણ માટે કોઇ લાયક મંત્રીની શોધમાં હતો. ત્યાંની રાજ્યલક્ષ્મી ત્હેને સ્વપ્નમાં દેખાવ આપી કહ્યું કે, પ્રાગ્વાટ વંશનો પ્રચંડ પ્રભાવવાળો 'ચંડ' નામનો વણિક છે. ત્હેને અતુલ કીર્તિવાળો ચંડપ્રસાદ નામનો પુત્ર હતો. ત્હેને જીન સિવાય કોઇ દેવને ન નમનાર અને સિદ્ધરાજ વિના તેનો કોઇ શેઠ નથી. એવો 'સોમ' નામનો પુત્ર હતો. ત્હેને ત્હેની ભાર્યા સીતાથી એક 'અશ્વરાજ' નામનો પુત્ર હતો, જેનું બુદ્ધિ ચાતુર્ય ગુર્જર રાજાથી વખણાય છે. તેણે પોતાની માતુશ્રીને પાલખીમાં લઈને સાત શત્રુંજય અને ગીરનારની યાત્રાઓ કરી. તેણે કુવા અને તળાવો ખોદાવ્યાં, પરબો બંધાવી અને મંદિરો રચાવ્યાં, તે કુમાર દેવીને પરણ્યો જેનાથી ત્હેને માલદેવ, વસ્તુપાળ, તેજપાળ નામના પુત્રો થયા છે. ત્હેમને તું પ્રધાનપદે નિયત કર એમ આદેશ કરી દેવી અંતર્ધાન થઇ. વીરધવળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ્ય રાજ્યપુરૂષોને વસ્તુપાળ અને તેજપાળને આમંત્રણ માટે મોકલ્યા બંને ભ્રાતાઓ ત્હેની પાસે નમ્રતાથી નજરાણો લઇને આવ્યા રાજા તેઓની બોલવાની છટા, નમ્રતા, સુંદર લાવણ્ય, વગેરે સદ્ગુણોથી ઘણો આનંદ પામ્યો. તેઓને પ્રધાનમુદ્રા આપવાની આકાંક્ષા દર્શાવી ત્યારે વસ્તુપાળે ત્હેને સ્પષ્ટતાથી કહેલ કે—રાજાઓ ધનના ભૂખ્યા હોય છે અને રાજ્યતંત્રીઓ પોતાની મરજી પ્રમાણે વર્તે છે. વિશેષમાં જણાવ્યું કે જો રાજા ન્યાય માર્ગે ચાલશે, ધનનો લોભ છોડી દેશે, ઇર્ષ્યાળુ લોકોને રજા આપે અને શાંત પ્રકૃતિ ધારણ કરે તો પોતે પ્રધાનપદ સ્વીકારવા રાજી છે, તે સર્વે રાજાએ મંજુર કરી પ્રધાનપણાની 'સુવર્ણમુદ્રા' સોંપવામાં આવી. આ પ્રમાણે પ્રધાનપદ આપવાથી વીરધવલના રાજ્યનો અતિ વિસ્તાર થયો. વીરધવલે જુલમથી લાટ દેશના રાજાના તાબાનું "ખંભાત" બંદર લીધું. તે સમયે આખા ગુજરાતમાં જાહોજલાલીમાં મુખ્ય હતું અને તે જગ્યાની બહુ ઉપયોગીતા હતી. વીરધવલે વસ્તુપાલને ત્યાંનો ગવર્નર નીમીને મોકલ્યો. ખંભાતના વણિકો અને નાગરિકોએ ત્હેનું સહર્ષથી સન્માન કર્યું. ખંભાતમાં અગાઉના રાજા શાસનથી બહુ અંધાધુંધી ચાલી રહી હતી. ત્યાં તેણે ચાણાક્ય બુદ્ધિથી સુવ્યવસ્થા આણી. તેણે દરેક ધર્માચાર્યોને કપડાં તેમજ આહારથી સન્માન કર્યું કે જેથી દરેક લોકે માન્યું કે–પ્રધાન પોતાના ધર્મોને પ્રિય ગણે છે. ત્હેને કાવ્ય–પ્રબંધોનો શોખ હોવાને લીધે કવિઓને એટલું બધું દાન કર્યું કે ત્હેની આગળ રાજા ભોજની અને મુંજની કીર્તિ ઝાંખી પડી ગઇ. આમ એક બાજુ જ્યારે રાજા લુનાશાક સાથે લડાઇમાં રોકાયેલા મારવાડના રાજાઓ સાથે, વીરધવળ લડાઇમાં રોકાયેલ હતો. તે સમયે ભરૂચના રાજા શંખ મ્હોટું લશ્કર લઇને પોતાનું મૂળ ખંભાતબંદર પાછું લેવા માટે ચઢાઇ કરી. શંખે વસ્તુપાળને નીચ્ચે લિખિત સંદેશ પોતાના એલચીદ્વારા કહાવ્યો કે—વીરધવળ જો કે બળવાન છે પરંતુ અધુના મારવાડના ઘણા દેશો–પ્રાંતોના રાજાઓથી ઘેરાયેલો છે. અને ત્હેનો વિજય હાલમાં દુર્લભ છે અને તેથી ભાગ્યેજ એવું બની શકે કે–રાજા વીરધવળ આપની મદદે આવી શકે. વીરધવળે તમને રાજી થઇને ખંભાત બંદરનું રક્ષણ કરવાની આજ્ઞા આપી છે, પરંતુ ગુણની કદર કરનાર એવો શંખ ત્હમને આખો પ્રદેશ આપશે. જો મન ડગમગતું રાખી શંખને રાજા તરીકે કબુલ માન્ય નહિ કરો તો, તે જ્યારે ખંભાત જીતશે ત્યારે બીજો ગવર્નર નીમશે. આ વાત સુવિખ્યાત છે કે ત્હેની ડાબી બાજુએ જમીન ચાખતા અને કકળતા એવા બાર માંડલિક રાજાઓ સુવર્ણશૃંખલાથી ઝડકાએલ છે. અર્ણોરાજના પુત્રોથી શંખ જ્યારે ઘેરાયેલો હતો જેથી કરીને માલવાના રાજાઓને વચમાં પડવું પડયું, અને બીજી બાજુથી બળવાન એકલા શ્રીભટના હસ્તથી મથન થયેલા યુદ્ધસાગરમાંથી નીકળેલ હળાહળ ઝેર સમાન યાદવ રાજા સિંહ પોતાનું લશ્કર લઇને ચઢયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે ભીષણ શંખે યાદવ રાજાના સૈન્યને મારી હઠાવ્યું. માટે મનમાં વિચાર કરજો કે એવા શંખ કોણ ટકી શકે તેમ છે ? કે જેના એક તરવારના ફટકાથી વજ્ર પણ તુટિ જાય છે. માટે ત્હમે ત્હેની આંખમાં ન આવો તે પ્હેલાં પલાયન થઈ જાઓ: કારણકે વાણીઓ નાશી ગયો એમ જાણી કોઈને કંઇ શરમાવા જેવું રહે નહિ. હવે ત્હમારે વિચાર કરવાનું છે. કારણકે સમુદ્ર ગાફક શંખ, દેશપ્રદેશ ઉલ્લંઘતો આવે છે.

વસ્તુપાળ પ્રત્યુત્તરમાં જણાવે છે કે—જેવી રીતે શંખ મ્હને મલવા માગે છે તેવીજ રીતે હું શંખને મલવા તૈયાર છું. જ્યારે મરૂ દેશના રાજાઓ વાદળ સમાન વેરાઇ દર્શન દીધાં છે. ત્હેનો લાગ સાધી તે આવે છે તો ભલે આવવા દો. ત્હેને ભેટવાને મ્હારી તરવાર તૈયાર છે. તેણે કહાવ્યું કે ચહુવાણ રાજાએ મ્હને એક પ્રદેશ આપ્યો છે પણ તે અયોગ્ય નથી કારણ અત્રે મ્હારે સારી પ્રીતિ સંપાદન થઇ છે. એ સારી વાત છે કે ત્હેના પગ પાસે માંડળિક રાજાઓની સાંકળેલ સુવર્ણ શૃંખલા છે પણ સાથે સાથે મ્હને આશ્ચર્ય જણાય છે કે તેજ પગોએ યાદવ રાજાના કારાગૃહમાં લોહ શૃંખલાઓ સહન કરી હતી. ત્હમે મ્હને નર્મદા નદીના તટ ઉપર શંખે યદુ લશ્કરનો અભિમાન તોડયો એમ કહો છો. પણ ત્હેના કારાગૃહ વિષે કંઇ પણ જણાવતા નથી. એ તો ખાલી ભ્રાંતિ છે. કે-ક્ષત્રિયોજ યુદ્ધકલા જાણે છે ને વાણિઆઓ નહિ ? શું અંબડ જાતનો વણિક હોવા છતાં કોકણાધિપતિ મલ્લિકાર્જુનને યુદ્ધમાં ન માર્યો ? હું એક વાણિયો છું પણ યુદ્ધક્ષેત્રની દુકાનમાં સારી ખ્યાતિ મેળવી શકયો છું, હું શત્રુઓના મસ્તકોરૂપી માળનો સંગ્રહ કરૂં છું અને વળી તરવારના તાજવાથી જોખીને મુલ્યમાં ત્હેમને સ્વર્ગ આપું છું. માટે જો તે મહા સિંધુરાજનો પુત્ર હોય, તો ત્હેને તત્કાળ અત્રે આવવા દો અને યુદ્ધ માટે ત્હેને પસંદ પડે તે જગ્યા જણાવા દો ” વસ્તુપાળે પોતાનું સૈન્ય તૈયાર કર્યું. બંનેના લશ્કર વચ્ચે એક યુદ્ધ થયું, યુદ્ધક્ષેત્રમાં વસ્તુપાળના સુભટોએ શંખના અસંખ્ય યોદ્ધાનો નાશ કર્યો, તેથી શંખ જાતે પોતાના અતુલ બળવાળા ભ્રાતાઓને લઈને પ્રધાનને દબાવવા માટે આવ્યો, પછી એક ભીષણ સંગ્રામ જામ્યો જેમાં શંખના ભ્રાતાઓ સાથે વસ્તુપાળના નવ સુભટો મરાયા. ભુવનપાળ ગુરૂકુળના શંખને મારવાની પ્રતિજ્ઞા કરીને ત્હેની તરફ ચાલ્યો અને તેણે ઘણા સુભટોને શંખ જાણી મારી નાખ્યા એટલામાં છેવટે તે શંખ પાસે આવી શકયો, અને શંખના હાથે ભૂવનપાળ મરાયો. હવે વસ્તુપાળ જાતે મહાન્ સૈન્ય લઇને સમરાંગણમાં આવ્યો, શંખે પોતાનું ઘટેલું સૈન્ય અને શત્રુની તાજી ફોજ નિહાળી તુરત ભરૂચ નાઠો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કાવ્યના ઐતિહાસિક ગુણ.**

એક દયાજનક વાત છે કે સંસ્કૃત ઐતિહાસિક કાવ્યોમાં ઘણી સાધારણ, નિર્જીવ બાબતો વિવેચનથી ભરેલી હોય છે, અને જે નાયકની પ્રશંસામાં લખાયેલી હોય છે, તેની ઐતિહાસિક માહિતિ થોડી મળે છે. આપણા કાવ્યની બાબતમાં પણ તેમ છે, આ એક સમકાલીન લેખકના હાથથી પ્રધાનના અવસાન પછીથી લખાયેલ કાવ્ય છે. અને તેથીજ ત્હેની પશ્ચિમ અવસ્થામાં શું થયું એ જાણવાને સાધારણ આકાંક્ષા રહે એ સંભવીત છે, પણ કર્તા તો તે વિષે મૌન રહેલ છે. અને ખરી રીતે જોતાં માત્ર છેલ્લા બે વસ્તુપાળના મૃત્યુના પ્રકરણો સિવાય આ કાવ્યમાંથી કંઇપણ વિશેષ ત્હેમની પૂર્વે થઇ ગયેલ બીજા બે લેખકો કરતાં પ્રાપ્ત થતું નથી, છતાં પણ છેલ્લું પ્રકરણ ઐતિહાસિક દ્રષ્ટિએ વિશેષ ઉપયોગી છે. કારણ કે તે સાધારણ રીતે કહેવાતી વસ્તુપાળની મૃત્યુ તારીખ અને સ્થળને નિર્મૂળ કરાવે છે, પ્રબંધ ચિંતામણીમાં પણ ત્હેની ઉત્તરાવસ્થા માટે કંઇ આવતું નથી. તે વિષે તો ફક્ત ચતુર્વિંશતિ પ્રબંધ અને વસ્તુપાળ ચરિત્ર એ બે ગ્રંથોમાં મળી શકે છે. તેઓ બે વસ્તુપાળની મરણ તીથી વિ૦ સં૦ ૧૨૯૮ સ્થળ અંકેવાળીયા " જણાવે છે. પણ આ ગ્રંથનું લખાણ નિહાળતાં તે વાત ખોટી પડે છે. વસ્તુપાળના પ્રધાનત્વની કારકર્દિનું દર્શાવાતું આચ્છાદનને પણ વિખેરી નાંખે છે, વિશળદેવ સં૦ ૧૨૯૫માં ગાદીએ આવ્યો તે વસ્તુપાળની કૃપાનુંજ ફળ છે; અને જેણે રાજ્યને દ્દઢ કર્યું તેવા તેજપાળ પાસેથી પ્રધાન તરીકેની મુદ્રા લઇને–નાગડને આપી એ વાર્તા સત્ય લાગતી નથી. વિશળદેવે જો ધાર્યું હોત તો પણ તેમ કરી શકયો નહોત કારણકે તે સમયે તેની સ્થિતિ એક વરસ જેટલાં ટુંક સમયમાં સહીસલામત અને દ્રઢ હોઈ શકે નહી. અને પ્રધાનો બહુજ બળવાન અને મજબુતાઈથી સ્થપાયેલા હતા. આબુ ગિરિના એક લેખમાં સં૦ ૧૨૯૬ વૈ. શુ. ૩ની તારીખના લેખમાં તેજપાળને મહામાત્ય લખેલ છે. મંત્રીઓનું બદલાવવું તેજપાળના અવસાન પછી થયેલ લાગે છે, જિનહર્ષ કહે છે તે પ્રમાણે વસ્તુપાળ પછી દશ વર્ષે એક તાડપત્રની પ્રતમાં સં.૧૩૧૩માં તેજપાળને અહહીલપુરનો મહામાત્ય કહેલ છે. અસ્તુ

વાંચક ! હજુ આ કાવ્ય સબંધી અનેક બાબતો પ્રકાશમાં આવે તેમ છે પરંતુ લંબાણ લેખના ભયથી વિરમું છું. આ લેખમાં કાવ્યની અંગ્રેજી પ્રસ્તાવનાનો ઘણો ખરો આધાર લેવામાં આવેલ છે તે માટે શ્રીમાન્ સી. ડી. દલાલનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ઇત્યલમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાચી અને જુઠી સફલતા.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ.

( ૭ )

સફલતાના વિષયમાં કાંઇ લખવા પહેલાં આપણે એક વાત જાણી લેવી જોઇએ કે સફલતા કોને કહેવામાં આવે છે ? ઘણા લોકો સફલતાનો એવો અર્થ કહે છે કે કાર્ય યા પ્રયત્ન સમાપ્ત થતાં પોતાને ઇચ્છિત ફલ મળી જાય તે સફલતા કહેવાય છે, પરંતુ સફલતાનો એટલોજ અર્થ નથી. કોઇ કોઇ મનુષ્યો પોતાનું કાર્ય પુરૂં કર્યા પછી પોતાના વિશિષ્ટ ઉદ્દેશની પૂર્તિ તથા પ્રાપ્તિ કરી શકતા નથી–પોતાને ઇચ્છિત ફલ મળતું નથી– ત્યારે તેઓ પોતાને અસફલ માની લે છે. પરંતુ એ સાચી વાત નથી. સંસારમાં એવાં અનેક દૃષ્ટાંતો મળી આવે છે કે જેને આપણે અસફલીભૂત અથવા " અકૃત કાર્ય સફલતા " કહી શકીએ છીએ. ત્યારે સફલતા કોને કહેવી ? તે પણ એક સાધન યાને ઉપાયજ છે. તે અન્તિમ ધ્યેયની સર્વોચ્ચ સીઢી છે, પરંતુ તે પોતે અન્તિમ ધ્યેય નથી. ઐહિક સુખો એવા છે કે જે ઉચિત રીતિથી પ્રયત્ન કરવાથી અવશ્ય મળી જાય છે. જો દુર્ભાગ્યવશાત્ કોઇ કારણે તે ન પણ મળે તો તેટલા માટે કોઇ પણ કાર્યશીલ સજ્જનનું જીવન નિષ્ફલ અને નિરર્થક કદિ પણ માની શકાતું નથી. એક વિદ્વાન અંગ્રેજ કવિ કહે છે કે—

" If what shone afar so grand,
Turn to nothing in thy hand;
On again, the virtue lies,
In the struggle, not the prize."

R. M. Milnes.

અર્થાત્ મનુષ્યોના સદ્દગુણોનું દર્પણ તેના કાર્યોનું દૃશ્યફલ નથી, પરંતુ તેનાં સદગુણોનું સાચું દર્પણ તેની અદમ્ય ઉત્સાહપૂર્ણ કાર્ય–શકિતજ છે. કેમકે સ્તુતિપાત્ર તો તેજ મનુષ્ય બની શકે છે કે જે કંટકપૂર્ણ વૃક્ષ ઉપર સ્વયં ચઢીને ફલ તોડી શકે છે, નહિ તો કોઇ સાધનની સહાયવડે ફલ તોડનાર સાધારણ મનુષ્યો આ સંસારમાં અનેક નજરે પડે છે. રાજા રામ મોહનરાય, લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધી આદિ મહાપુરૂષોનાં નામ પ્રસિદ્ધ શા માટે છે ? એટલા માટે નહિ કે તે પુરૂષોએ પોતાનાં જીવનમાં કોઇ નવું રાજ્ય સ્થાપ્યું છે, કિન્તુ કેવળ એટલા માટેજ કે તેઓ પોતાના નિશ્ચિત ઉદ્દેશ અનુસાર કંટકમય માર્ગે ચાલતાં છતાં કદિપણ ચલાયમાન થયા નથી. બસ, જે મનુષ્ય ઉક્ત તત્વનું આજીવન પાલન કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે તેનું જીવન સફલ છે. એટલા માટેજ વિચારશીલ મનુષ્યોએ કહ્યું છે કે દુર્દમનીય ધૈર્ય–યુક્ત કાર્યશીલતાના અન્તિમ સ્વરૂપનેજ સફલતા કહેવામાં આવે છે.

પરંતુ આપણો ઉદ્દેશજ દોષપૂર્ણ હોય અને અંતમાં આપણે કોઇ દુઃખમય તથા અનિષ્ટકારક પરિણામની સામે થવું પડે તો તેના દોષના ભાગી પણ આપણેજ છીએ. એવી સ્થિતિમાં આપણાં જીવનને સફલ કહી શકાતું નથી. અને જો એમ હોય તો પછી શરાબ પીવાથી મૃત્યુ થતાં શરાબી મનુષ્યનું જીવન પણ સફલ કહી શકાય. કોઈ પણ ઉદ્દેશ નિશ્ચિત કરીને કાર્યનો આરંભ કરવા પહેલાં આપણે એટલું જોઇ લેવું જોઇએ કે તે ઉદ્દેશ સારો છે કે ખરાબ ? તે સંબંધમાં એક અંગ્રેજ લેખક આપણને સદુપયોગ આપી રહેલ છે કે:—

" See first that the design is wise and just,
That ascertained, pursue it resolutely;
Do not for one repulse forego the purpose,
That you resolved to effect. "

અર્થાત્ કોઈ કાર્યનો આરંભ કરવા પહેલાં એટલા વિચાર કરવાની જરૂર છે કે તે કાર્ય કોઇ પણ રીતે હાનિહારક તો નથીને ? પછી જો એમ ખતરી થાય કે તે કાર્ય ન્યાયસંગત છે તો તે પૂર્ણ કરવા માટે જીવતોડ મહેનત કરો; પછી ગમે તેટલી અને ગમે તેવી મુશ્કેલીઓ કે પીડાઓ આવી પડે તો પણ તે કાર્ય અપૂર્ણ ન મુકો. કાર્ય કરતી વખતે મનુષ્યે તેનું ફલ કેવા પ્રકારનું આવશે તેની લેશ પણ દરકાર કરવી જોઇએ નહિ. તેનું ધ્યાન માત્ર એકજ વાત ઉપર રહેવું જોઇએ કે તે પોતાનું કાર્ય ઉત્તમ રીતે એક મનુષ્યને છાજે તેવી રીતે કરી રહ્યો છે કે નહિ ? પ્રાકૃતિક નિયમાનુસાર આપણને કેવળ કાર્ય કરવાનોજ અધિકાર છે. આપણને આપણા કર્મનાં ફલ આપણી ઇચ્છાનુરૂપ બનાવવાનો અધિકાર આપવામાં આવ્યો નથી. ભગવદ્ગીતામાં ઉપદેશેલ છે તેમ.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूः मा ते संगोऽस्त्वकर्मणि ॥

સારાંશ એ છે કે સફલતાનાં યથાર્થ સ્વરૂપ પર ધ્યાન દઇનેજ પ્રત્યેક મનુષ્યે આ જીવન–સંગ્રામમાં પોતપોતાનું કર્તવ્ય કરતાં રહેવું જોઈએ.

ઘણા મનુષ્યો એવા હોય છે કે જેઓ પોતાનાં જીવનની સફલતા અથવા નિષ્ફલતાની કસોટી જનસાધારણના અભિપ્રાયથી કરે છે. જો લોકો તેને સારો કહે તો તે પોતાનાં જીવનને સાર્થક સમજે છે. અને ખરાબ કહે તો નિરર્થક કહેવા લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ એ મોટી ભૂલ છે. એવો કોઇ પણ મનુષ્ય નથી કે જે સમાજની પ્રત્યેક વ્યક્તિને પ્રિય તેમજ પૂજ્ય થઇ પડ્યો હોય. જુઓ. શ્રી મહાવીર, રામચંદ્ર, કૃષ્ણ જેવા અવતારી પુરૂષો પણ તેઓનાં જીવનકાળ દરમ્યાન સર્વ લોકોમાં એક સરખી રીતે પ્રિય તેમજ પૂજ્ય ન હોતા, તેઓની પણ નિંદા કરનારા અનેક શત્રુઓ હતાજ. એવી અવસ્થામાં કોઇ મનુષ્યના તત્ત્વપૂર્ણ વિચારો પણ કોઇ મંદબુદ્ધિવાળા મનુષ્યોને અણુગમો ઉપજાવે તેવા લાગે એ આશ્ચર્યકારક નથી. એટલા માટે લોકોની ટીકાની વિશેષ પરવા રાખવી જોઇએ નહિ. યોગ્ય ઉપાય તો એજ છે કે જો આપણે ખરેખરા સુખી અને કૃતકાર્ય બનવું હોય તો બીજાના અન્યાય-સંગત અને વિરોધી વિચારોનું ઉલ્લંઘન કરવામાં જરાપણ સંકોચ રાખવો જોઇએ નહિ. જે મનુષ્ય સર્વ લોકોને પ્રસન્ન કરવા પ્રયત્ન શીલ રહે છે તેની દશા ધોબીના કુતરા જેવી થાય છે, જે નથી હોતો ઘરનો કે નથી હોતો ઘાટનો.

પ્રત્યેક મનુષ્યને આ સંસારમાં કાંઇપણ કર્તવ્યનો ભાર સોંપવામાં આવ્યો હોય છે અને તેને તે કાર્ય સફલતા પૂર્વક નિભાવવા માટે આવશ્યક અધિકાર યાને યોગ્યતા પણ આપવામાં આવે છે. કર્તવ્ય-પાલનનો અધિકાર-યોગ્યતા કોઇ ગણ્યા ગાંઠ્યા વિશિષ્ટ લોકોનેજ આપવામાં આવે છે એવી માન્યતા ભૂલ ભરી તેમજ અત્યંત હાનિકારક છે. પ્રાયે કરીને લોકો એમ કહ્યા કરે છે કે-અમે અમુક દેશકાર્ય અથવા સામાજીક સેવા કરવા ઇચ્છીએ છીએ, પરંતુ શું કરીએ ? અમારામાં યોગ્યતા નથી-અમારો અધિકાર નથી. આવા આવા આત્માવિનાશી વિચારોથી આપણે અને ખાસ કરીને આપણા તરૂણ વિદ્યાર્થીઓએ હમેશાં બચવા યત્ન કરવો જોઇએ. દૃઢ વિશ્વાસ પૂર્વક માનોકે આપણે મનુષ્ય છીએ અને મનુષ્ય તરીકે આપણને આપણાં કર્તવ્ય-પાલનનો તથા આપણું જીવન સુખી બનાવવાનો પુરેપુરો અધિકાર છે. પોતાને કયું કાર્ય આ જગત્માં કરવાનું છે તે પ્રત્યેક મનુષ્ય સૌથી પહેલાં જાણી લેવું જોઇએ. જ્યારે તેને સુજ્ઞાન થઇ જાય કે તેનામાં અમુક કાર્ય કરવાની સ્વાભાવિક યોગ્યતા રહેલી છે ત્યારે તેને માટે ઉચિત છે કે તેણે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તે મહત્કાર્યનો સંપૂર્ણ ઉત્સાહ પુર્વક આરંભ કરી દેવો જોઇએ અને હમેશાં એમ પ્રાર્થવું જોઇએ કે "હે પરમાત્મન્! તમારી ઇચ્છાનુસાર મેં મારી જીવન-નૌકા આ સંસાર-સમુદ્રમાં છોડી મૂકી છે, હવે મને કેવળ તમારૂંજ શરણ છે." એ પ્રમાણે કરી તે પોતાનું કર્તવ્ય કરતો રહેશે તોપણ તેની સાચી સહાયક બની જશે. અવશ્ય તે મનુષ્યનો છેવટે બેડાપાર થશેજ. કેવળ ધૈર્યનીજ આવશ્યકતા રહેશે, કેમકે તેને વારંવાર સંસાર-સમુદ્રની લહરીઓ અને તોફાનોની સામે થવું પડશે. જો તે એ સઘળી બાધાઓને કુશળતા તેમજ સહન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીઘ્રતા પૂર્વક હઠાવી શકે છે તો તેનું જીવન સફલ થાય છે એ સંદેહ વગરની વાત છે. આ પ્રકારના મનુષ્યોનેજ વિજયી કહેવામાં આવે છે. તેઓના નામ ઈતિહાસનાં પૃષ્ઠોને પ્રકાશિત કરે છે અને લોકો તેવા પુરૂષોને કર્મવીર, દેશભક્ત, પરોપકારી આદિ સુવિશેષણોથી અલંકૃત કરવામાં પોતાનું ગૌરવ સમજે છે.

જો તમારા જીવન–નિર્વાહ કરવાના ધંધાને અન્ય લોકો તુચ્છ ગણાતા હોય તોપણ તમારે તેને તુચ્છ માનવો જોઈએ નહિ. તમારૂં શ્રેય તેનાથીજ થશે એમ માની તમે તેને સમસ્ત સંસારનાં સઘળાં કાર્યોથી વધારે ગણો અને જેવી રીતે કોઇ મનુષ્ય પોતાના ઉચ્ચાતિઉચ્ચ વ્યવસાય અનુપમેય ઉત્સાહથી કરે છે તેવી રીતે તે કાર્યો કરો. તુચ્છ યાને નાનો ધંધો બિલકુલ લજ્જાસ્પદ નથી. ભીખ માગવી અને પરતંત્રતામાં રહેવું તે લજ્જાસ્પદ ગણાય છે. હા, જો તમે પોતે તમારાં કર્તવ્ય તરફ ઘૃણા અને અપમાનની દૃષ્ટિથી જોશો તો અવશ્ય તે લજ્જાસ્પદ ગણાશે. આ સંબંધમાં એક સારૂં દૃષ્ટાંત છે. વિલાયતમાં મી. ગ્રે નામનો એક પ્રસિદ્ધ પુરૂષ થઈ ગયો. બચપણમાં તેની સાંપતિક અને વ્યાવસાયિક સ્થિતિ અત્યંત શોચનીય હતી. તેના એક મિત્રે એક દિવસે તેને હાંસીમાં કહ્યું કે "મિસ્તર ગ્રે ! હવે તો તમે ઘણી વાતો કરતાં શીખી ગયા, પરંતુ શું તમને તમારો બચપણનો વખત યાદ છે જ્યારે તમે ઢોલ બજાવી તમારો ઉદર–નિર્વાહ ચલાવતા હતા ? " જુઓ, મી૦ ગ્રેએ ઉક્ત પ્રશ્નનો કેવો ભાવપૂર્ણ અને ઉચિત જવાબ દીધો. તેણે કહ્યું " મહાશય ! હું મારાં બચપણમાં કેવી મુશ્કેલીથી મારૂં ઉદરપોષણ કરતો હતો તેનું મને પુરેપુરૂં સ્મરણ છે. હું જાણું છું કે મારે તે માટે ઢોલ બજાવવો પડતો હતો. પરંતુ હું કેવી ઉત્તમ રીતે અને કેવા પ્રફુલ્લિત હૃદયથી ઢોલ બજાવતો હતો તે શું આપને યાદ છે ? " આનું તાત્પર્ય એ છે કે લઘુતા વા ગુરૂતા, તુચ્છતા વા શ્રેષ્ઠતા કોઇ વિશેષ વ્યવસાયમાં નથી, પરંતુ જે હૃદયના ભાવથી એ વ્યવસાયનું કાર્ય કરવામાં આવે છે તે ભાવમાં રહેલ છે. સફલતાના યથાર્થ સ્વરૂપના વિષયમાં ઉપરોક્ત રીતે વિચાર કરવાથી વાચકોને સાચી અને જુઠી સફલતાના ભેદનો સહજ ખ્યાલ આવી શકે તેમ છે.

હવે એટલું જોવું જોઇએ કે સફલતાની પ્રાપ્તિ અર્થે કયા કયા ગુણોની આવશ્યકતા છે ? ઉપર કહેવામાં આવ્યું છે કે સૌથી પહેલાં ધૈર્યની પ્રથમ આવશ્યકતા છે. તે સાથે જે કાર્ય હાથમાં લેવામાં આવ્યું હોય તેમાં સંપુર્ણ ઉત્સાહ રેડવો જોઇએ, કેમકે જે કાર્યમાં ઉત્સાહ નથી હોતો તે અધવચ તજી દેવું પડે છે. પરંતુ ધૈર્ય અને ઉત્સાહથી પણ વધારે એક મોટો ગુણ છે, જે વગર કોઇપણ કાર્યમાં મનુષ્યને સફળતા મળી શકતી નથી. તે ગુણનું નામ છે આપણી **આત્મશક્તિ.** અર્થાત્ કાર્ય કરવાની યોગ્યતાપર દૃઢ વિશ્વાસ. જ્યાંસુધી આપણામાં એવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી ઉત્પન્ન થતો કે આપણામાં અમુક કાર્ય કરવાની સંપૂર્ણ યોગ્યતા છે, તથા તે કાર્ય આપણે દરેક અવસ્થામાં કરી શકીશું ત્યાંસુધી આપણું મન તે કાર્ય કરવામાં પુરેપુરૂં લાગતું નથી અને પરિણામે આપણે તે કદિપણ પુરૂં કરી શકશું નહિ. હા, કદાચ કોઈ મનુષ્ય ઊચિત માર્ગનું આક્રમણ કરવા છતાં પણ કોઇ કારણવશાત્ સફલતા પ્રાપ્ત કરી શકતો નથી તો તેમાં તેનો દોષ નથી. સામાન્ય મનુષ્યો ભલે તેને અકૃતકાર્ય ગણે, પરંતુ સહૃદય પુરૂષો તો તેને જુદી દૃષ્ટિથીજ જોશે. એક પાશ્ચાત્ય કવિનું કથન છે, જેનો અર્થ એ છે કે " જીવન-સંગ્રામમાં પરાજીત અથવા અસફલ મનુષ્ય કોણ છે ? શું દીર્ઘોદ્યોગી કોલંબસને અકૃતકાર્ય કહી શકાય તેમ છે ? શું લિવિંગસ્ટનને આપણે પરાજીત કહી શકીશું કે જેને પોતાની જનની જન્મભૂમિના હિત ખાતર આફ્રિકાના જંગલોમાં રખડવું પડયું હતું ? નહિ, તેઓને પરાજીત કહી શકાશે નહિ, કેમકે તેઓએ આશારૂપી દોરીને આધારે વારંવાર નીચે પડવાં છતાં પણ ઉંચે ચઢવાનો પ્રયત્ન કર્યો છે. તેઓનું એ વ્રત હતું કે " कार्यं साधयामि वा देहं पातयामि. " તેઓ તો પોતાનાં વ્રત-સાધનમાં પોતાનાં પ્રાણની આહૂતિ આપીને યથાર્થત: કૃતાર્થ અને સફલ થઇ ગયા છે. અસફલ અને પરાજીત મનુષ્ય તેજ ગણાય કે જે નીચે પડી જવાના ડરથી કદિ પણ ઉભા રહેવાનો પણ પ્રયત્ન કર્યો હોતો નથી. " અહા ! કેવુ ઉત્તમ કથન છે ? પોતાની ઇષ્ટસિદ્ધિ પરિપૂર્ણ કરવાના સતત પ્રયત્નમાં જેઓ પોતાનું જીવન વ્યતીત કરે છે તેવા કર્મવીરને ધન્ય છે, કે જેઓ અસફલતા રૂપી રાક્ષસનું નામ સાંભળતાંજ ડરી જાય છે અને કોઇ કાર્યનો આરંભ કરતા નથી તેવા આળસુને ધન્ય છે ?

એટલા માટે પોતાનું જીવન સફલ કરવાની ઇચ્છા રાખનાર આ જીવન-સંગ્રામમાં વિજય-પ્રાપ્તિની કામના કરનાર પ્રત્યેક યુવક અને તરૂણ વિદ્યાર્થીએ હજારો બાધાઓ અને મુશ્કેલીઓ નડે તોપણ પોતાની ઇષ્ટસિદ્ધિને અર્થે નિરંતર પ્રયત્નશીલ રહેવું જોઇએ. પછી સફલતા એક દાસી માફક બની હમેશાં તેઓની સેવાપરાયણ રહેશે.

અનેક મનુષ્યો પોતાનાં કાર્યનો આરંભ મહાન ઉત્સાહથી કરે છે, પરંતુ જરા જેટલી મુશ્કેલી આવતાં તજી દે છે. ખરૂં જોતાં તો બાધારહિત સફલતામાં કશો સ્વાદ નથી હોતો. મિષ્ટાન્ન ઉપર મિષ્ટાન્ન ખાવામાં આપણને તેમાં કોઈ પણ જાતની વિશેષતા યાને અપૂર્વ સ્વાદ નથી લાગતો, પરંતુ જો કોઇ કટુ પદાર્થ ખાધા પછી આપણને મિષ્ટ પદાર્થ આપવામાં આવે છે તો આપણને મિઠાશની વિશેષતાનો ખરેખરો ખ્યાલ આવી શકે છે. તેવોજ સાચી સફલતા અને વિઘ્ન-બાધાઓનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારસ્પરિક સંબંધ છે. જે મનુષ્યને પોતાનાં ઇષ્ટ કાર્યની સિદ્ધિ અર્થે પ્રયત્ન કરવામાં વિઘ્ન–બાધાઓની સામે થવું પડે છે, તેજ સફળતાનો સાચો મર્મ જાણી શકે છે. જેને સ્વપ્નમાં પણ વિઘ્ન–બાધાઓનો ખ્યાલ નથી હોતો તે સફલતાનું ખરૂં રહસ્ય જાણવા અશક્ત છે. એક શ્લોકમાં ભર્તૃહરિજીએ કાર્યશીલતા અને સફલતાના વિષયમાં ત્રણ પ્રકારના મનુષ્યોનું વર્ણન કરેલ છે. તે શ્લોક એ છે કે—

" प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥

અર્થાત્ નીચ પુરૂષો વિઘ્ન–બાધાઓના ભયથી કાર્યનો આરંભજ નથી કરતા. તેઓમાં એટલું સાહસજ નથી હોતું. જેઓ મધ્યમ પુરૂષો છે તેઓ મહા મુશ્કેલીથી કાર્યનો આરંભ તો કરી દે છે, પરંતુ સ્હેજસાજ મુશ્કેલી આવતાં કાર્યને તિલાંજલી આપે છે. આવા લોકોની ગણના ઉત્તમ પુરૂષોમાં થઈ શકતી નથી. તે પુરૂષોજ ઉત્તમ ગણાય છે કે જેઓ હજારો વખત બાધાઓ નડે છતાં પોતાનું કાર્ય કરવા માટે કરોડવાર ઉદ્યત રહે છે. જેઓ પોતાનાં આરંભેલા કાર્યને છેવટ સુધી નિભાવે છે. બસ, સફલતા એવાજ સત્પુરૂષોનાં કાર્યોને અલંકૃત કરે છે, એવાજ મહાત્માઓ સદા સફલ મનોરથ બને છે. ચાલુ—

ॐ

# * યોગદર્શન.

( સંગ્રાહક ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. )

પ્રત્યેક મનુષ્ય વ્યક્તિ સૂર્યની જેમ અપરિમિત શક્તિઓના તેજનો પુંજ છે. તેટલા માટે રાષ્ટ્ર તો અનેક સૂર્યોનું મંડળ છે, તેમ છતાં જ્યારે કોઈ વ્યક્તિ કે રાષ્ટ્ર અસફળતા અથવા નિરાશાના ચક્રમાં પડે છે, ત્યારે એ પ્રશ્ન સહજ થાય છે કે તેનું કારણ શું ? બહુ વિચારતાં માલુમ પડે છે કે અસફળતા અથવા નિરાશાનું

* અમદાવાદ–ગુજરાત પુરા તત્વમંદિરમાં આર્ય વિદ્યા વ્યાખ્યાન માળામાં આ વિષય ઉપર જાહેર ભાષણ બંધુ સુખલાલજી પંડિતજીએ ગુજરાતીમાં આપ્યું હતું તે ઉપયોગી હોવાથી તેનો ટુંક સાર અત્રે આપવામાં આવે છે. આ૦ સેક્રેટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ યોગ ( સ્થિરતા ) નો અભાવ છે, કારણ કે તે વિના બુદ્ધિ સંદેહશિલ બની રહે છે, અને તેના પ્રયત્નની ગતિ અનિશ્ચિત થવાના કારણથી શકિતઓ આમ તેમ ચલિત થવાથી મનુષ્યને બરબાદ કરી દે છે. તે કારણ સર્વ શકિતઓને એક કેન્દ્રગામી બનાવવા તેમજ સાધ્યબિંદુ સુધી પહોંચાડવા માટે અનિવાર્ય રૂપે સર્વને યોગની જરૂર છે. તેટલા માટે વ્યાખ્યાનમાં યોગનો વિષય રાખવામાં આવ્યો છે. આ વિષયની શાસ્ત્રિય મિમાંસા કરવાનો ઉદ્દેશ એ છે કે આપણા પૂર્વજોની તથા આપણી સભ્યતાની પ્રકૃતિ ઠીક માલુમ પડે અને તે દ્વારા આર્ય સંસ્કૃતિના એક અંશના પણ થોડા પરંતુ નિશ્ચિત રહસ્ય માલુમ પડે.

## યોગદર્શન.

યોગદર્શન એ સામાસિક શબ્દ છે. તેમાં યોગ અને દર્શન એ બે શબ્દ સાથે છે.

યોગ શબ્દ **युज** ધાતુ અને **घञ्** પ્રત્યયથી સિદ્ધ થાય છે. **युज्** ધાતુ બે છે.

**યોગ શબ્દનો અર્થ.** એકનો અર્થ જોડવું અને બીજાનો અર્થ સમાધિ—મન, સ્થિરતા. સામાન્ય રીતે યોગનો અર્થ સંબંધ કરવો તથા માનસિક સ્થિરતા કરવી તેટલો છે, પરંતુ પ્રસંગવશાત્ તે પ્રકરણાનુસાર તેના અનેક અર્થો થતા હોવાથી તે બહુરૂપી બની જાય છે. એમ બહુરૂપતાના કારણે લોકમાન્યશ્રીએ પોતાના ગીતા રહસ્યમાં ગીતાનો તાત્પર્ય દેખાડવા માટે યોગ શબ્દના અર્થના નિર્ણયની વિસ્તારથી ભૂમિકા રચવી પડી છે. પરંતુ યોગદર્શનમાં યોગ શબ્દનો અર્થ શું છે ? તે બતાવવા માટે એટલા ઉંડાણમાં ઉતરવાની જરૂર નથી. કારણકે યોગદર્શન વિષય સર્વ ગ્રંથોમાં કે જ્યાં જ્યાં યોગ શબ્દ આવ્યો છે ત્યાં તેના એકજ અર્થ છે અને તેનું સ્પષ્ટીકરણ તે તે ગ્રંથોમાં ગ્રંથકારે પોતેજ કરેલ છે. ભગવન્ પતંજલિએ પોતાના યોગસૂત્રમાં ચિત્તવૃત્તિ નિરોધને યોગ કહેલ છે અને તે ગ્રંથમાં સર્વત્ર યોગ શબ્દનો માત્ર એકજ અર્થ વિવક્ષિત છે. શ્રીમાન્ હરિભદ્રસૂરિએ પોતાના યોગ વિષયક સર્વ ગ્રંથોમાં "મોક્ષ પ્રાપ્ત કરાવવાવાળા ધર્મવ્યાપારને" યોગ કહેલો છે અને તેમના ઉકત સર્વ ગ્રંથોમાં યોગ શબ્દનો માત્ર તેજ અર્થ છે. ચિત્તવૃત્તિ નિરોધ અને મોક્ષ પ્રાપક ધર્મવ્યાપાર એ બે વાકયોના અર્થમાં સ્થૂલ દૃષ્ટિએ જોતાં મોટી ભિન્નતા માલુમ પડે છે, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં બંનેના અર્થમાં ભિન્નતા માલુમ પડતી નથી. કારણકે 'ચિત્તવૃત્તિ નિરોધ' એ શબ્દથી તે ક્રિયા અથવા વ્યાપાર દેખાય છે કે જે મોક્ષ માટે અનુકુળ હોય, વળી જેનાથી ચિત્તની સંસારાભિમુખ વૃત્તિઓ રોકાઈ જાય. 'મોક્ષપ્રાપક ધર્મવ્યાપાર' એ શબ્દથી પણ તેજ ક્રિયા જણાય છે તેટલા માટે પ્રસ્તુત વિષયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ શબ્દનો અર્થ સ્વાભાવિક સમસ્ત આત્મશક્તિઓનો પૂર્ણ વિકાસ કરાવનારી ક્રિયા અર્થાત્ આત્મોન્મુખ ચેષ્ટા એટલોજ સમજવો. યોગ વિષયક વૈદિક, જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં યોગ, ધ્યાન, સમાધિ એ શબ્દો બહુધા સમાનાર્થક દેખાય છે.

**દર્શન શબ્દનો અર્થ.**

નેત્રજન્યજ્ઞાન, નિર્વિકલ્પ ( નિરાકાર ) બોધ, શ્રદ્ધા, મત આદિ અનેક અર્થ દર્શન શબ્દના છે. પરંતુ આ વિષયમાં દર્શન શબ્દનો અર્થ મત એ એકજ જણાય છે.

**યોગના આવિષ્કારનો શ્રેય.**

જેટલા દેશ અને જેટલી જાતિયોના આધ્યાત્મિક મહાન પુરૂષોની જીવનકથા તથા તેના સાહિત્ય ઉપલબ્ધ છે તેના દેખવાવાળા કોઇ પણ એ નથી કહી શકતા કે આધ્યાત્મિક વિકાસ અમુક દેશ કે અમુક જાતિમાંજ હોય ? કેમકે સર્વ દેશ અને જાતિયોમાં ન્યુનાધિકરૂપમાં આધ્યાત્મિક વિકાસવાળા મહાત્માઓ થઇ ગયાના પ્રમાણો મળે છે. યોગનો સંબંધ આધ્યાત્મિક વિકાસથી છે. તેટલા માટે એ સ્પષ્ટ છે કે યોગનું અસ્તિત્વ સર્વ દેશ અને સર્વ જાતિયોમાં રહેલ છે; તથાપિ કોઇપણ વિચારશિલ મનુષ્ય આ વાતનો તો ઇનકાર એટલા માટે નથી કરી શકતા કે યોગના આવિષ્કારના અથવા યોગના પરાકાષ્ઠાસુધી પહોંચવાનું શ્રેય ભારતવર્ષ અને આર્યજાતિનુંજ છે. તેની સાબીતિ મુખ્યતયા ત્રણ પ્રકારે બતાવવામાં આવે છે. ૧ યોગી, જ્ઞાની, તપસ્વી આદિ આધ્યાત્મિક મહાપુરૂષોની બહુલતા, ૨ સાહિત્યના આદર્શની એકરૂપતા, ૩ લોકરૂચિ.

**૧ યોગી, જ્ઞાની, તપસ્વી આદિ આધ્યાત્મિક મહાપુરૂષોની બહુલતા.**

પ્રથમથી આજસુધી ભારતવર્ષમાં આધ્યાત્મિક વ્યક્તિઓની સંખ્યા એટલી મોટી છે કે તેની સામે અન્ય સર્વ દેશો અને જાતિયોની આધ્યાત્મિક વ્યક્તિઓની કુલ સંખ્યા એટલી અલ્પ જણાય છે કે જેમ ગંગાની સામે એક નાની નદી.

**૨ સાહિત્યના આદર્શની એકરૂપતા.**

તત્વજ્ઞાન, આચાર, ઇતિહાસ, કાવ્ય, નાટક આદિ સાહિત્યનો કોઇ ભાગ લઇયે તેનો અંતિમ આદર્શ ઘણે ભાગે મોક્ષજ હોય. પ્રાકૃતિક દ્રશ્ય અને કર્મકાંડના વર્ણને બહુ મોટો ભાગ રોકયો છે, પરંતુ તેમાં સંદેહ નથી કે તે વર્ણન વેદનું શરીર માત્ર છે. તેનો આત્મા કોઇ બીજોજ છે. પરમાત્મચિંતન યા આધ્યાત્મિક ભાવોનું આવિષ્કરણ ઉપનિષદોના પ્રાસાદ તો બ્રહ્મચિન્તનની બુન્યાદપર ઉભેલું છે. પ્રમાણવિષયક, પ્રમેયવિષયક કોઇપણ તત્વજ્ઞાન સંબંધી સૂત્ર ગ્રંથ છે, તેમાં પણ તત્વજ્ઞાનના સાધ્યરૂપથી મોક્ષનું વર્ણન મળશે. આચારવિષયક સૂત્ર, સ્મૃતિ આદિ સર્વ ગ્રંથોમાં આચાર પાળવાનો મુખ્ય ઉદ્દેશ મોક્ષને માનવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રામાયણ, મહાભારત આદિના મુખ્ય પાત્રોનો મહિમા તેઓ મોટા રાજ્યના સ્વામી હતા એટલા માટે નથી, પરંતુ તે એટલા માટે છે કે છેવટમાં તેઓ સન્યાસ કે તપસ્યા દ્વારા મોક્ષના અનુષ્ઠાનમાં ઓતપ્રોત થઇ ગયા હતા. રામચંદ્રજી પ્રથમ અવસ્થામાં વશિષ્ઠની યોગ અને મોક્ષની શિક્ષા પાળતા હતા. યુધિષ્ઠિર પણ યુદ્ધરસ લઇ, બાણશય્યાપર સૂતેલા ભિષ્માપિતામહનો શાન્તિનો પાઠ પઢતા હતા. ગીતા તો રણાંગણમાં પણ માત્ર મોક્ષનું સાધન યોગનો ઉપદેશ આપે છે. કાળીદાસ જેવા શૃંગારપ્રિય કહેવાવાળા કવિ પણ પોતાના મુખ્ય પાત્રોની મહત્તા મોક્ષમાં ઝુકવામાં દેખે છે. જૈન આગમ અને બૌદ્ધ તો નિવૃત્તિ પ્રધાન થવાથી મુખ્ય તયા મોક્ષ સિવાય અન્ય વિષયોનું વર્ણન કરવામાં બહુ સંકોચાય છે. શબ્દશાસ્ત્રમાં પણ શબ્દશુદ્ધિને તત્વજ્ઞાનનું દ્વાર માની તેનો અંતિમ ધ્યેય પરમ શ્રેય માનેલ છે. વિશેષ શું ? કામશાસ્ત્ર તકનો પણ છેવટનો ઉદ્દેશ મોક્ષ છે. એ પ્રકારે ભારતવર્ષીય સાહિત્યના કોઇ પણ ગ્રંથ જુઓ, તેની ગતિ સમુદ્રની જેમ અપરિમેય એક ચોથા પુરૂષાર્થની બીજી રીતે જ છે. ( ચાલુ )

# સાદાઈ અને સ્વતંત્રતા.

સાદાઇ એ કેટલી સુખકર અને વિલાસ-ફેશન એ કેટલી ઉપાધિકર છે તે હાલમાં મહાત્મા ગાંધીજીના સિદ્ધાંતે સિદ્ધ કરી બતાવ્યું છે. પરદેશી કાપડ અનેક તરેહનું ફેનસી આવતું, તેના અનર્ગલ પૈસા પરદેશમાં ઘસડાઇ જતાં અને તેવું કાપડ કે તેવી કોઇ ઉપભોગની વસ્તુઓ વપરાશ-ઉપયોગમાં લીધા પછી, સાદુ પરંતુ જાડું કે ફેશન વગરનું વાપરતા જે એક વખત અત્યંત ગ્લાનિ થતી હતી, તેને બદલે હાલમાં મહાત્માજી ગાંધીના સિદ્ધાંતે આપણને સાદાઇ શીખવી છે. આ દેશને તે વગર ચાલી શકવાનું જ નથી. દાખલા તરીકે મકાનની અંદર વગર જરૂરી ચીજો રાખવાથી કેટલી ખરાબી થાય છે, તે આપણે સમજીએ છીએ. જરૂરી ચીજો સિવાય માત્ર ફેશન અને શોભા ખાતર કોચ-ખુરશી, ટેબલ, છબીઓ વગેરે ફરનીચર તેમજ બુકો અને એવી બીજી ચીજો આપણા મકાનમાં સ્થળે સ્થળે ગોઠવવામાં આવેલી હોય છે તેને સાફ રાખવા કેટલી મુશ્કેલી-ઉપાધિ પડે છે, અને એવી ઘણી ચીજો રહેવાથી માંકડ, મચ્છર ધુળ, કચરો, કેટલો રોજ એકઠો થાય છે તે આપણે જાણીએ છીયે છતાં તે વગર ચાલતું નથી. તેના કરતાં માત્ર જરૂર પુરતી થોડી ચીજો રાખવાથી કેટલી ઉપાધિ ઓછી થવા સાથે મકાન કેટલું સ્વચ્છ, સગવડવાળું અને જંતુ રહીત રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એવી સાદી ટેવોનો અનુભવ જેને હોય તે ભાગ્યેજ ખાલી ફેશન—આડંબરને ખાતર અગવડ વેઠી દુઃખ ઉત્પન્ન કરે છે.

ઉપર મુજબ શરીર માટે પણ સમજવું. નકામી ઇચ્છા પુરી ન પડે તેવી તૃષ્ણાઓ, વહેમો, ખોટા આડંબરો, વગેરેમાં ફસાઇ તેમજ વગર જરૂરની લાગણી આવેશોનું ભંડોળ એકઠું કરી મનુષ્ય માત્ર દુઃખજ ઉત્પન્ન કરે છે જેથી તેને બદલે સંતોષ, સદ્વર્તન એ બેને જગ્યા આપવામાં આવે તો મનુષ્ય સુખીજ થાય. તેથી જેટલે દરજ્જે સાદાઇ તેટલે દરજ્જે સ્વતંત્રતા આવી સમજવી. ધર્મ માટે પણ સાદો નિયમ સ્વીકારવો જોઇએ. દુનીયાના સર્વ દર્શનના ઝઘડા—ખંડન મંડન બાજુપર મુકી તેમાંથી સામાજિક સર્વમાન્ય સિદ્ધાંત ખેંચી લઇએ તો કોઇપણ ધર્મ માટે મારામારી રહે નહિ સમાન ભાવ રહે. બુદ્ધનો સિદ્ધાંત "ખોટું કરતાં અટકો, સારૂં કરતાં શીખો." ક્રાઇસ્ટનો સિદ્ધાંત "બધાને ચાહો" વેદાંતનો સિદ્ધાંત સર્વ ભૂત પ્રાણી પ્રત્યે સમાન દૃષ્ટિ (આત્મવત્ સર્વ ભૂતેષુ) તેમજ જૈનદર્શનનો સિદ્ધાંત "અહિંસા દયા, અને દરેક જીવને બંધુ સમાન ગણો, તેમજ મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવના આણો." મુસલમાન ધર્મનો સિદ્ધાંત "અલ્લાના બંદા બધા સરખા" એટલે સર્વ સાથે એકતા—સમભાવ. હવે જણાશે કે ધર્મ માટેના આ સાદા ઉત્તમ સિદ્ધાંત પણ સર્વના એકજ છે. છતાં તેપર દૃષ્ટિ નહી રાખવામાં અરસપરસ ઝઘડા અને દુઃખી થવાય છે. આ ભારતવર્ષમાં જે આત્મવાદ—અધ્યાત્મવાદ છે તેવો અન્ય કોઇપણ દેશમાં નથી. બીજે તો જડવાદ હોવાથી તીવ્રરાજ લોભ—તૃષ્ણા—વૈભવ વિલાસની ઉત્કટ ઇચ્છાઓ હોવાથી તેની સ્પૃધા પછી ઇર્ષા અને છેવટે ભયંકર લડાઇથી અનેક મનુષ્યો—પ્રાણીઓનું બલીદાન થાય છે, પરંતુ આ દેશમાં જડવાદ વગેરે નહીં છતાં પણ દરેક ધર્મના ઉપરોક્ત ઉત્તમ સિદ્ધાંતો હોવા છતાં ભૂલાય છે, તેવું સમજાતું નથી. સમજાય છે તેવું વર્તનમાં મુકાતું નથી અને જો દરેક મનુષ્ય તે સાદાઇના નિયમો (ઉપભોગની ચીજોના, શરીરના, ધર્મના સિદ્ધાંતો) વર્તનમાં મુકે તો કંઇ કરવાનું રહેતું નથી અને પછી સાદાઇ પ્રાપ્ત થતાં ખરી સ્વતંત્રતા તેની મેળેજ પ્રગટ થાય છે. ધર્મના મહાન પુરૂષોનું પણ તેજ કથન છે, અને વર્તમાન કાળમાં મહાત્મા ગાંધીજી તે સ્વીકારે છે સ્વીકારાવવા અપૂર્વ મથન કરે છે. વર્તનમાં જો ઉંચા સિદ્ધાંત મુકાય તો સાદાઇ પ્રાપ્ત થતાં આડંબર દૂર થાય છે અને જીવન સુધરી જાય છે.

સાદા નિષ્કપટ અંતઃકરણવાળા, સત્ય આચરણવાળા, સદ્ગુણી, શ્રદ્ધાવાન મનુષ્યને આવતા ભવ કે પરમાત્માનો અસ્તિ માટે શક રહેતોજ નથી. તેઓ તો જરૂર એમ સમજે કે સાદાઇથી, સ્વતંત્રતાથી, સદ્ગુણથી, અને અમારા જેવુંજ બીજા પ્રત્યે વર્તન રહેશે તો ગમે તે વખતે ( ભવે ) ગમે ત્યાં અનંત ( મોક્ષનું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ છેવટે મળશેજ. ઉપર મુજબ વર્તન રાખનારને કુદરતી રીતે સાદાઇ પ્રાપ્ત થાય છે અને તૃષ્ણા, આવેશો, તુચ્છ વિચારો, નિરાશા, વહેમ, ઠગાઇ, શંકા વગેરે હંમેશને માટે દૂર થતાં પોતે સાદો, સરલ, સ્વતંત્ર, શ્રદ્ધાવાળો બનશે, આત્મસંતોષી, શાંત પવિત્ર અને દયાળુ બનશે અને આમ બનવાથી તેનો આ ભવ સ્વર્ગ તુલ્ય બનશે. સાદાઇ અને સ્વતંત્રતા એ જીવન સાફલ્યના મુખ્ય સાધનો છે, અને આ દેશના મનુષ્યને સુખી થવું હોય તો તેના વગર ચાલી શકે તેવું નથી. પરમાત્માની કૃપાથી તે પ્રાપ્ત થાઓ એજ ઇચ્છા. **ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**

## વ્હાલાંઓને ઉપદેશ.

(રાગ ઓધવજીના સંદેશાનો)

સાંભળજો, વ્હાલાંઓ! વચનો દીનનાં!
દીન પણું છે પરમ દયાનું પાત્રજો!
મોટો એ અધિકાર તમારો માનવી!
અધિકારી છો જેનાં માનવ માત્રજો—સાંભળજો.

એક પિતા પરમેશ્વર જાણો આપણો!
નિકટ સગાંઓ સમજો ભાઇ બ્હેન જો!
નીકો ન્હાની મોટી જે જીવો તણી—
વહેતું તેમાં અખંડિત વ્હેન જો!—સાંભળજો.

હસનારાંની સાથે હસવાનું ઘટે,
રડનારાંની સાથે રડવું તેમ જો!
એક બીજાનાં આંસુડાંઓ લૂછતાં,
ઉંચે ચડશો સ્ત્રી પુરૂષો સૌ એમ જો—સાંભળજો.

ભૂત દયા છે ધર્મ બધાના મૂલમાં,
સઘળાએ સંતાનો એ ઉપદેશ જો!
દિવ્ય દયા સાગર! યાચંતા આપ જો
દીન જનોને અમને એનો લેશ જો—સાંભળજો.

"કાન્ત"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## " કોંડણપુરની હિંસાનો અટકાવ "

પુનાથી ૧૬ માઇલ દૂર આવેલા કોંડણપુર નામના ગામમાં તુકાઇ દેવીનું મંદિર છે. ત્યાં દર વરસે માગશર શુદ ૧૫ થી વદી ૦)) સુધી મોટી જાત્રા (મેળો) ભરાય છે. અને દેવી નિમિત્તે આશરે દશ હજાર જીવોની હિંસા થાય છે. તેથી આ વરસે આ હિંસાનો ઉપદેશ દ્વારા અટકાવ કરવા સારૂ અત્રેથી મુનિ મહારાજ **શ્રી તિલકવિજયજી** પંજાબી આદિ કેટલાક માણસોએ ત્યાં જઇ પંદર દિવસ રોકાઇને પત્રીકાઓ, પુસ્તકો વગેરે વહેંચવાનું તથા શાન્તિથી ઉપદેશ આપવાનું કામ કર્યું હતું.

પરીણામ બહુજ સારૂ આવ્યું એટલે આ વખતે શુમારે નવ હજાર જીવોની હિંસા ઓછી થઇ છે, બલ્કે તેટલા બચી ગયા છે.

આ બાજુ મહારાષ્ટ્રમાં ધર્મને બ્હાને જેટલી હિંસા થાય છે, તેટલી બીજે ભાગ્યેજ થતી હશે. પરંતુ સમય એટલો બધો અનુકુલ છે કે, થોડા પ્રયત્ને પણ કામ થઇ શકે તેમ છે. આ લોકો બહુ સરલ હોવાથી એક મનુષ્યે હિંસા બંધ કરી તો બીજો પણ બંધ કરે. તેઓ એક પાછળ એક ચાલનાર હોવાથી કોઇ ધર્મ-પ્રેમી-દયા પ્રેમી-ભાઇઓ તથા તેવી સંસ્થાઓ આ બાજુમાં પ્રયત્ન કરે તો હું ધારૂં છું કે, બે ત્રણ વર્ષમાં હિંસા તદન બંધ થઇ શકે.

પોશ શુદી ૧૫ ઉપર આ બાજુનાં માંડવદેવી, કાનડા અને વાંગણી આ ત્રણ ઠેકાણે મોટી યાત્રાઓ ભરાય છે અને ભયંકર હિંસા થાય છે. મુનિ મહારાજ શ્રી તિલકવિજયજી માણસો લઇને ત્યાં પણ જવાની વકી છે.

શાહ શંકરલાલ શીવનાથજી.
પુના-સીટી.

# ગ્રંથાવલોકન.

૧ પંચલિંગી પ્રકરણ—શ્રી જીનેશ્વરસૂરિ વિરચિત. શ્રી જીનદત્તસૂરિ પુસ્તકોદ્ધાર ફંડ તરફથી પ્રસિદ્ધ થયેલ, તેની એક કોપી શેઠ પિતાંબરદાસ પનાજી તરફથી બંધુ જવેરચંદ પનાજી ઝુહારીવાળાએ ભેટ આપેલ છે. આ ગ્રંથમાં સમ્યકત્વના પાંચ લક્ષણનું વર્ણન સરસ રીતે કથાઓ સાથે કરવામાં આવેલ છે. આવા જ્ઞાનોદ્ધારના કાર્યને ઉત્તેજન આપનાર એ ગ્રહસ્થને ધન્યવાદ આપવા સાથે સમ્યકત્વના જિજ્ઞાસુઓને વાંચવાની ભલામણ કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સંવેધ છત્રીશિ—યોજક શ્રીમાન્ પન્યાસજી અજીતસાગર ગણિકે** જેઓશ્રી કેટલાક વખતથી પોતાની વિદ્વતાનો લાભ જૈન સમાજને ઉપયોગી ગ્રંથો લખી આપતા રહ્યા છે, સદરહુ ગ્રંથમાં ૩૬ દ્વાર વર્ણન (ગતિ, કાય, યોગ વિગેરે) તેમજ દ્વાર સંવેધ તે છત્રીશ દ્વારના ઉત્તર ભેદો આપી પ્રકરણના અભ્યાસી માટે ઘણો ઉત્તમ પ્રયાસ કરેલો છે. તેમજ સાથે,

**૩ પ્રકરણ સુખ સિંધુ દ્વિતીયભાગ—**જેમાં કે કસ્તુરી, હિંગુલ, સિંદુર, ધર્મ સર્વ-સ્વાધિકાર વગેરે પ્રકરણો મૂળ સાથે ભાષાંતર, કેટલાક ચોવીશ જિન સ્તવન, સ્તુતિ જિનસ્તોત્ર વગેરે સંસ્કૃતમાં આપી ઉક્ત મહાત્માએ ઉત્તમ પ્રયાસ કરેલો છે. આ સંગ્રહઅને યોજના ખરે-ખરઉત્તમ અને અભ્યાસીઓને માટે અવશ્ય ઉપયોગી છે. આ બંને બુકો વિઠ્ઠલભાઇ જીવાભાઈ પટેલે નાગોરી સરાહ, અમદાવાદથી ભેટ મોકલેલ છે. બંને બુકો ખાસ ભેટજ આપવામાં આવે છે. આ ગ્રંથો લખી-યોજી ઉક્ત મહાત્માએ જૈન કોમ ઉપર ઉપકાર કરેલો છે.

**શારીરિક કેળવણી નિબંધ—**વકીલ નંદલાલ લલ્લુભાઇ વડોદરા નિવાસી બંધુએ શ્રી વીરધર્મ પ્રભાવક સભા તરફથી પ્રગટ કરેલ છે. તે વાંચવાથી તે પ્રમાણે વર્તવાથી આરોગ્યના પ્રાપ્ત થાય છે.

**૫ દ્રવ્ય પ્રદીપ—**પ્રવર્ત્તકશ્રી મંગલવિજયજી મહારાજે લખેલો આ ગ્રંથ છે. તેઓ વિદ્વાન અને સારા અભ્યાસી હોઇ તેઓશ્રીના હાથથી દ્રવ્યાનુયોગના ઉપયોગી ગ્રંથો લખાય પ્રકટ થાય તે ખરેખર ઉપયોગી હોવજ. આ ગ્રંથમાં ષટ્ દ્રવ્યનું સ્વરૂપ બહુજ સ્ફુટ રીતે બતાવેલ છે. દ્રવ્યનું સ્વરૂપ જાણવાવાળા માટે ઉપયોગી બનાવેલ છે. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગરના સરનામાથી મળી શકશે.

**૬ ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ ૩**
**૭ સદર ભાગ ૪** } ઉક્ત બંને ઐતિહાસિક ગ્રંથોમાં જુદા ટુંકા ટુંકા રાસો આપવામાં આવેલ છે, શ્રીમાન્ વિજયધર્મસૂરિજી મહારાજની કૃતિના આ ગ્રંથો છે. સદર ચોથા ભાગમાં રાસનું નિરિક્ષણ તે મહાત્માના વિદ્વાન શિષ્ય મુનિરાજ વિદ્યાવિ-જયજી મહારાજે લખેલું હોઈ અવશ્ય વાંચવા લાયક છે. આ દિશાએ પણ ખાસ પ્રયત્ન થવાની જરૂર જણાય છે. જૈન સમાજ આવા ગ્રંથોનો વધારે લાભ લે તેમજ તે રસ લેતી થાય તેને માટે ઘણીજ ઓછી કિંમતે આપવાની જરૂર છે. હવે પછી આવા ગ્રંથો ઓછી કિંમતે મળી શકે તેવો પ્રબંધ કરવા ઉકત મહાત્માને વિનંતી કરીયે છીએ. મળવાનું ઠેકાણું ઉપર મુજબ છે કીંમત બે રૂપીઆ તેમજ અઢી રૂપીયા છે.

**જૈન વાર્ષિક પર્વો—**નિત્ય સ્મરણ સ્તોત્ર સંગ્રહ. આ બુક શેઠાણી મહાલક્ષ્મી બ્હેને પોતાના ખર્ચથી, માસ્તર ઉમેદચંદ રાયચંદ પાસે તૈયાર કરાવી છપાવી છે. આ બુકમાં નવસ્મ-રણાદિ સ્તોત્રો, જૈન પર્વોની હકીકત મહાત્મ્ય, દેવવંદન વિગેરે આપી સારી રચના કરેલી છે. બુક સર્વને ભેટ મોકલવામાં આવે છે.

**૯ શ્રી પાર્શ્વનાથ ભગવાન અને કમઠ તાપસનું રંગીન ચિત્ર—**વડોદરા નિવાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોતીલાલ નેમચંદ મોદીએ શ્રી વિજયાનંદસૂરિ જૈન સાહિત્ય ચિત્રમાળાના પ્રથમ પુષ્પ તરીકે પ્રસિદ્ધ કરેલ છે, ચિત્રકળા એ પણ એક સાહિત્યનો વિભાગ હોવાથી જૈન દર્શનના મહાન પુરૂષો અને તેમના ચરિત્રમાંથી અમુક દશ્યો જે કે બોધ લેવા લાયક શાંત, વૈરાગરસ, સમભાવ વગેરે પ્રકટાવે, જૈન ઇતિહાસનું ભાન કરાવે તેવા ચિત્રો ખરી રીતે ઘરના શણગારરૂપ ખાસ હોઇ શકે છે, જેથી આવા રંગીન ચિત્રો પ્રકટ કરવાની પહેલ કરનાર ઉક્ત બંધુને ધન્યવાદ ઘટે છે વળી સાહિત્યમાળા સાથે એક પ્રાતઃસ્મરણીય મહાન પુરૂષનું નામ અંકીત કરેલ હોવાથી, તેની શોભામાં વૃદ્ધિ કરેલ છે. આ ચિત્ર જુદા જુદા રંગથી સુશોભિત બનાવેલ છે. કિંમત રૂ. ૧) રાખેલ છે અમોને તેની એક કોપી ભેટ મળેલ છે અમો પ્રકટ કરનારને ધન્યવાદ આપવા સાથે આ પ્રયાસમાં તેઓ વૃદ્ધિ કરે તેવું ઇચ્છીયે છીયે.

**૧૦ મતમીમાંસા પ્રથમ ભાગ**—આત્મકમળ-જૈન ગ્રંથમાળાના ૧૧ મા પુષ્પ તરીકે શ્રી ખંભાત શ્રી મહાવીર જૈન સભા તરફથી પ્રકટ થયેલી છે. આ ગ્રંથના સંગ્રાહક પૂજ્યપાદ શ્રીમાન્ વિજયકમળસૂરિશ્વરજી મહારાજ અને યોજક શ્રી વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમાન્ લબ્ધિવિજય મહારાજ છે. અનેક અન્ય ધર્માવિલંબીઓના બનાવેલા પુસ્તકોમાં સત્ય જૈનધર્મ ઉપર જે કલંકો નકામી રીતે ચડાવેલા છે તે દૂર કરવા આ ગ્રંથ લખવાનો પ્રયત્ન ઉક્ત મહાત્માએ કરેલ છે. આખો ગ્રંથ પ્રશ્ન કરનાર શ્રાવક, ઉત્તર આપનાર સૂરિશ્વરજી એટલે પ્રશ્નોત્તર પદ્ધતિએ લખાયેલ હોઇ વાંચનારને સુગમ પડે તેમ છે. પ્રથમ અઢાર દુષણવાળા દેવ હોઇ શકતા નથી તેનું સ્ફુટ વર્ણન આપવામાં આવેલ છે, તે સાથે અન્ય દર્શનના ગ્રંથો, સ્મૃતિ, સંહિતા, ભાષ્ય વગેરેના શ્લોકથી બતાવી આપી ખરેખર આ ગ્રંથનું નામ (મતમીમાંસા) સાર્થક કર્યું છે. અને જૈન દર્શન ઉપર અન્ય દર્શનીઓએ કરેલ આક્ષેપો, કલંકો માત્ર દ્વેષ બુદ્ધિથીજ કરાયેલ છે એમ સિદ્ધ કરી આપેલ છે. પ્રયત્ન બહુ સારી રીતે કરેલો છે. ગુરૂવર્ય અને વડિલ મુનિરાજોની છબી અને સ્તુતિ દાખલ કરી ગુરૂભક્તિ પણ દર્શાવેલ છે. આ ગ્રંથના ચાર ભાગ પ્રસિદ્ધ થવાના છે એમ પ્રસ્તાવનામાં જણાવેલ છે જે જિજ્ઞાસુઓને વાંચવા લાયક છે. મુલ્ય સવા રૂપીયો પ્રસિદ્ધકર્તાને ત્યાંથી મળી શકશે.

**૧૧ દેલવાડા મેવાડ**—આ લઘુ બુક શ્રી આત્મતિલક સોસાઇટી અમદાવાદ તરફથી પુ૦ નં. ૨૬ તરીકેની અમોને ભેટ મળેલી છે. તેના લેખક શ્રીમાન્ પંન્યાસજી લલિતવિજયજી મહારાજ છે. દેલવાડા એ મેવાડમાં ઉદેપુરથી ૧૭ માઇલ દુર આવેલ ગામ છે જેનું અસલી નામ દેવકુળપાટક જે તીર્થ ભૂમિ છે, તેનો ટુંકો અને સરલ ઇતિહાસ આ બુકમાં આપવામાં આવ્યો છે. ઉક્ત મહાત્માએ આવા નાના ઐતિહાસિક ગ્રંથો આ સંસ્થાને લખી આપી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કરેલો છે. આ બુક ઇતિહાસિક દૃષ્ટિએ ખાસ ઉપયોગી અને વાંચવા લાયક છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોધ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૫ શ્રી કલ્પસૂત્ર—કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમના ધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી.
૬ ષટ્સ્થાનક સટીક.
૭ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૮ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૯ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૧૦ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૧૧ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૨ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૩ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૪ ધાતુ પારાયણ.
૧૫ શ્રી નંદીસૂત્ર—શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા. સાથે બુહારીવાળા શેઠ મોતીચંદ સુરચંદ તરફથી
૧૬ શ્રી મંડલપ્રકરણ, શાહ ઉજમશી માણેકચંદ ભાવનગરવાળા તરફથી.
૧૭ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૮ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા—નવસારી.
૧૯ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૨૦ દાનપ્રદીપ ”
૨૧ સંબોધ સિત્તરી ”
૨૨ ધર્મરત્ન ”
૨૩ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
૨૪ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૨૫ પ્રશ્નોત્તર પદ્ધતિ.
૨૬ પાતાંજલ યોગદર્શન.
૨૭ શ્રી નેમિનાથ ચરિત્ર ભાષાંતર.
૨૮ પ્રભાવક ચરિત્ર ભાષાંતર.

નંબર ૧૯—૨૦—૨૧—૨૨—૨૩—૨૪—૨૬ ૨૭—૨૮ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

---

જલદી મંગાવો. માત્ર થોડીજ નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## “ શ્રીદેવભક્તિમાળા પ્રકરણ ગ્રંથ. ”

### ( જેમાં પાંચ પ્રકારની પરમાત્માની ભક્તિનો સમાવેશ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત ગ્રંથ જેમાં પરમાત્માની ભકિતનું સ્વરૂપ. ૧ પૂજા ભક્તિનો પ્રભાવ, ૨ આજ્ઞા ભક્તિ, ૩ દેવ દ્રવ્ય સંરક્ષણ ભક્તિ, ૪ મહોત્સવ ભક્તિ, ૫ તીર્થ યાત્રા ભક્તિ એ પાંચ પ્રકારની ભક્તિનું આગમ પ્રમાણે અને શાસ્ત્રીય દ્રષ્ટાંતો આપી શંકા સમાધાન સહિત યથાર્થ સ્વરૂપ આ ગ્રંથમાં લખવાનું આવ્યું છે. આ ગ્રંથના લેખક પંન્યાસજી દેવવિજયજી મહારાજ છે. ગ્રંથ ખરેખર મનની અને પ્રભુ ભકિત કરવા માટે એક ઉત્તમ સાધન અને આલંબનરૂપ છે; તેમજ પ્રાણીને મોક્ષ માર્ગે જવા માટે એક નાવ રૂપ છે. આ ગ્રંથ પ્રથમથી છેવટ સુધી વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. ઉંચા ઇંગ્લીસ કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી તે પ્રકટ કરવામાં આવ્યો છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારથી સુશોભિત કરવામાં આવેલ છે. પચીશ ફારમ બશેંહ પાનાનો આ ગ્રંથ જેની કિંમત માત્ર રૂ. ૧—૦—૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માતૃભૂમિનું આવાહન.

" આપણે આપણા દેશને માતૃભૂમિ કહીએ છીએ. એ વાક્ય સાધારણ નથી. એનો અર્થ ઘણોજ ગંભીર છે. માનવ જે આ પૃથ્વીમાં જન્મ ગૃહણ કરે છે–દેશ વિદેશમાં જન્મ લે છે તે પશુ પક્ષીના જન્મની માફક આકસ્મિક ઘટના નથી. માતાની સાથે પુત્રનો સંબંધ કલ્યાણનો અને પ્રેમનો છે, તેવોજ સર્વ સમગ્ર દેશની સાથે આપણો સંબંધ કલ્યાણનો અને પ્રેમનો છે. એમ જો ન હોત તો આપણું સમગ્ર જીવન દેશમાં એક પ્રવાસીની માફક વ્યતીત થાત. સમગ્ર દેશ સુંદર, સ્નેહમય, મંગલમય છે. તેનું કારણ દેશનું માતૃત્વ છે. એકજ દેશમાતાના પ્રત્યેક માનવ અંતરના અંતરમાં અનુભવ કરે છે. એ દેશમાતાનો પરિચય ઘેર ઘેર સંતાનો પ્રત્યેના માતાના સ્નેહમાં થાય છે. દેશમાતા પોતાના સંતાનો પ્રતિની સેવાદ્વારા પોતાનું સ્નેહપિયૂષપાન કરાવે છે. એ એકલી બહુધા થઇને–બહુ માતા થઇને પ્રત્યેક સંતાન ઉપર સ્નેહ કરી રહી છે. એ માતાના ખોળામાં આપણે જે જન્મ લીધો છે તેનો પ્રત્યક્ષ અનુભવ આપ લોકનાં માતૃત્વમાં કરીએ છીએ. એમ ન હોય તો આપણે આનંદ અને બળ પામત નહિ. હે માતૃગણ ! મારૂં એ નિવેદન છે કે દેશમાતા પ્રત્યેક ક્ષણે તમારા દ્વારા પોતાને પ્રત્યક્ષ કરી રહી છે. દેશ પોતાનું કામ ગૃહમાં કરી રહ્યો છે. જો દેશનો ઘરથી વિચ્છેદ થઇ જાય તો સર્વ વ્યર્થ થાય. ગૃહલક્ષ્મીઓની પ્રતિદિનની સેવા એ દેશ લક્ષ્મીનું પ્રત્યેક ઘરમાં આવાહન છે. આપ આ યોગને અખંડ રાખો તોજ જન્મભૂમિ માતૃભૂમિ થઇ શકે. પ્રત્યેક ઘર દીવાલથી સિમાબદ્ધ છે. એ દિવાલોને જો ખરા હૃદયથી દૂર કરવામાં આવે તો દરેક ઘરમાં દેશ પ્રતિષ્ઠિત થઈ જાય. એનો અનુભવ સદા આપનાં હૃદયમાં જાગૃત રહે ત્યારેજ સ્વદેશ પ્રેમ સત્ય થશે, સ્વદેશ પૂજા સત્ય થશે અને એ ગૃહમંદીર ધન્ય થશે. આપણે વિદેશનું અનુકરણ કરીને, એમની શિક્ષાને ગોખીને જે દેશ–પ્રેમ શીખ્યા છીએ તે સત્ય નથી. દૈનિક જીવનમાં જો એ ભાવનો આપ અનુભવ કરો તો એ પ્રેમ સત્ય થાય. વિદેશીય શિક્ષાદ્વારા મિથ્યાદેશાનુરાગ આપણને થઇ ગયો છે. તેથી દેશનો બોધ, દેશનો પ્રેમ, દેશના ભાઇ–બ્હેનો વિગેરેનો સંબંધ ધુમસથી છવાયેલો છે. હે માતૃગણ ! એ ધુમસ હટાવીને દેશનો બોધ, દેશનો પ્રેમ, દેશ ભ્રાતા–ભગિનીઓ આદિનો સંબંધ સત્ય કરો, આપની સેવાદ્વારા દેશને ગૃહ કરો અને ગૃહને દેશ કરો. માતાની ઉપર એ જવાબદારી છે. જ્યારે ગૃહને બંધનથી મુક્ત કરશો, આત્મીય સ્વજનમાં જે ગૃહ આબદ્ધ છે તેને વિસ્તૃત કરશો ત્યારેજ આપ આપના સંતાનોને અહિંથી મુક્ત કરીને વિશ્વનાં ઉન્મુક્ત ક્ષેત્રમાં પ્રેરી શકશો. જ્યારે આ ગૃહનું આંગણું તે દેશનું આંગણું થઇ જશે ત્યારે દેશની સેવા સૌંદર્યમાં, કલ્યાણમાં, પ્રેમમૂર્તિમયી થશે. એ ભાર કેવળ એક માત્ર માતા ઉપરજ છે. બીજા કોઇના ઉપર નથી.

કવિવર રવિન્દ્રનાથ ટાગોર.

For Private And Personal Use Only